नमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।

# श्रुतसंविभाग – ७

August, 2017 શ્રાવણ, ૨૦૭૩

## स्वाध्याय-प्रवचनाभ्यां न प्रमदितव्यम् ।।

ઉપનિષદ્નું એક સૂત્ર છે : स्वाध्याय-प्रवचनाभ्यां न प्रमदितव्यम् ।। સ્વાધ્યાય અને પ્રવચનમાં પ્રમાદ ન કરવો. આમાં બે બાબત સૂચવાઈ છે : સ્વાધ્યાય અને પ્રવચન. એનો અર્થ એવો થાય છે કે તમે પહેલાં સ્વાધ્યાય કરો, અને પછી પ્રવચન કરો. સ્વાધ્યાય વગરના પ્રવચનમાં જ્ઞાનનું ઓજ અને જ્ઞાનની ગંભીરતા નહિ હોય. તો, પ્રવચન નહિ કરીએ તો સ્વાધ્યાય એ કૃપણનું ધન જ બની રહેશે. એટલે બન્ને કરવાનાં, અને એમાં આળસ નહિ કરવાની, આવું આ સૂત્ર સૂચવે છે.

ઘણા લોકો ભણ્યા ત્યારે બહુ ભણ્યા, પણ પછી પ્રવચનનો વખત આવ્યો ત્યારે સ્વાધ્યાય કરવાની ટેવ છૂટી ગઈ હોય. એમના પ્રવચનમાં તાજગી અને ઓજસ્વિતા ભાગ્યે જ આવશે. તાજો સ્વાધ્યાય જ પ્રવચનમાં તાજગી આણી શકે. ઘણા લોકો સ્વાધ્યાય જ કરતાં રહે, પ્રવચન પ્રત્યે ઉદાસીન રહે. એમનો સ્વાધ્યાય ઘણો બધો હોવા છતાં એમના પ્રવચનમાં અભિવ્યક્તિની ખૂબીઓ ભાગ્યે જ હોવાની. ટૂંકમાં એક પણ વાતે એકાંગી બનવું ન જોઈએ. બેમાંનું એક પણ છોડવું ન જોઈએ.

પણ એક વાત જોઈ ? બેમાં પહેલો ક્રમ સ્વાધ્યાયને અપાયો છે. સ્વાધ્યાય વિના બોલો મત. જે બોલો તે સ્વાધ્યાયપૂર્વક જ બોલો. નહિ તો તમારું સાંભળવા ટોળાં ભેગાં થશે, પણ ત્યારે તમારા વક્તવ્યમાં મનોરંજન સિવાય કશું નહિ બચ્યું હોય. સ્વાધ્યાયપૂર્વક થાય તે જ પ્રવચન, બાકી તો ભાષણ જ, એ પણ યાદ રાખવાનું છે.

મારા સાધુ સ્વાધ્યાયી હોય. સ્વાધ્યાયપૂર્વક જ પોતાની વાત પ્રસ્તુત કરતાં હોય. એમના મુખમાં લોકરંજક મોટિવેશનલ વાતો ન હોય. એમના મોંમાંથી તો શાસ્ત્રપૂત અને સ્વાધ્યાયજનિત ગુણવૃદ્ધિ અને દોષનિવારણ કરી આપતી વાણી જ વહે. લોકરંજનની વાતો આટોપતી વેળા 'જિનાજ્ઞાવિરુદ્ધ બોલાયાનું મિચ્છામિ દુક્કડં' કરવું પડે. શાસ્ત્રગર્ભિત વાણી વહાવનારે આવા ઉપચાર કરવાની જરૂર નથી હોતી. કેમ કે એ શાસ્ત્રબહારની તથા શાસ્ત્રને હાનિ પહોંચે તેવી વાત કે શબ્દ બોલે જ નહીં, ઇચ્છા હોય તો પણ બોલી ન જ શકે. શાસ્ત્રની આણ આવી હોય છે. મારા સાધુ શાસ્ત્રની આણમાં-મર્યાદામાં જ વર્તતા હોય.

'સ્વાધ્યાય'માં બે શબ્દ છે : સ્વ અને અધ્યાય. 'સ્વ'ના બે અર્થ થાય : સ્વ- આત્મા (-પોતે), સ્વ- આત્મીય (પોતાનું). બન્ને અર્થમાં થતું અધ્યયન તે સ્વાધ્યાય. અર્થાત્ સ્વનો- આત્માનો અધ્યાય = આત્માધ્યાય તે સ્વાધ્યાય, અને સ્વનો- આત્મીયનો- પોતાનાનો- શાસ્ત્રનો અધ્યાય = શાસ્ત્રાધ્યાય તે સ્વાધ્યાય.

સ્વાધ્યાયી સાધુ શાસ્ત્રનું અધ્યયન તો કરતો જ હોય, પણ તે કરતાં, કરવા પાછળ તેનું લક્ષ્ય પોતાના આત્માનું અધ્યયન પણ કરવાનું હોય. શાસ્ત્ર એ દર્પણ છે ("તુજ આગમ-આરીસો જોવતાં રે લોલ" - શુભવીર), અને તેમાં મારે મારા આત્માને, આત્માના ગુણો અને દોષોને નિહાળવાના છે અને તેનું અધ્યયન કરતાં કરતાં ગુણવિકાસ અને દોષહાનિનું લક્ષ્ય સાધવાનું છે, આ તેના અધ્યયનનો અર્થ હોય, હેતુ હોય, સાર હોય, પરિણામ હોય.

આવા સ્વાધ્યાયની ઊજળી વેળા આપણને સાંપડી છે – આ સંયમમાર્ગમાં. તેને એવી તો વધાવીએ, અજવાળીએ કે આપણું જીવન સ્વયં-પ્રકાશિત બનતું સર્વત્ર પ્રકાશ પાથરનારું બની રહે.

**- વિજયશીલચન્દ્રસૂરિ**

## યુગલિકોમાં કોઇ અભવ્યનો આત્મા હોય કે નહીં ?

*શ્રીહરિભદ્રસૂરિજી* રચિત *પંચાશકપ્રકરણ* ની ૩.૪૬ ગાથામાં અભવ્ય જીવો વિશે નીચે પ્રમાણે જણાવાયું છે –

सुहफलजणणसभावा चिंतामणिमाइए वि णाऽभव्वा ।

पावंति किं पुणेयं परमं परमपयबीयं ति ।।

આ ગાથાની *શ્રીઅભયદેવસૂરિજી* રચિત વૃત્તિમાં चिंतामणिमाइ માં આદિ શબ્દથી કલ્પવૃક્ષ વગેરે લેવાનું સૂચવાયું છે. તેથી આ ગાથાનો અર્થ આમ થશે –

અભવ્ય જીવો શુભફળને ઉત્પન્ન કરવાના સ્વભાવવાળા ચિંતામણિ, કલ્પવૃક્ષ વગેરેને પણ પામી શકતા નથી. તો મોક્ષનું બીજ હોવાથી પ્રધાનભૂત એવી પહેલા-બીજા પ્રકારની વંદના તો કેવી રીતે પામી શકે ? અર્થાત્ ન જ પામે.

આ અર્થ અંગે વિચાર કરતાં એક પ્રશ્ન થયો કે જો અભવ્ય જીવો કલ્પવૃક્ષને ન પામી શકતા હોય તો શું અભવ્ય જીવ અકર્મભૂમિમાં અને કર્મભૂમિમાં એકથી ત્રણ આરામાં યુગલિક તરીકે જન્મી ન શકે ? મતલબ કે યુગલિકોમાં કોઈ જીવ અભવ્ય ન જ હોય ? આ અંગે સમાધાન આપવા વિદ્વજ્જનોને વિનંતિ છે.

**- મુનિ શ્રીમુક્તિપરાગવિજયજી** (શ્રીકલાપૂર્ણસૂરિજી-સમુદાય)

* * *

## કળશોની સંખ્યા અંગે પ્રરૂપણાભેદ

મેરુગિરિ ઉપર જિનેશ્વરોના જન્માભિષેક સમયે અચ્યુતેંદ્રની આજ્ઞાથી આભિયોગિક દેવો અભિષેકનું જળ ભરવા માટે કળશો બનાવે છે. એ કળશોની સંખ્યા બાબતે અલગ-અલગ ઠેકાણે વિભિન્ન પ્રરૂપણાઓ જોવા મળે છે.

*પં. શ્રીવીરવિજયજી (શુભવીર)* રચિત *સ્નાત્રપૂજા* માં કળશોની સંખ્યા અંગે આવો ઉલ્લેખ છે –

"અડજાતિ કળશા પ્રત્યેકે આઠ આઠ સહસ પ્રમાણો;

ચઉસઠ સહસ હુઆ અભિષેકે અઢીસેં ગુણા કરી જાણો..."

મતલબ કે પ્રત્યેક જાતિના આઠ હજાર કળશો બનાવ્યા. કુલ મળીને ૮૦૦૦ × ૮ = ૬૪૦૦૦ કળશો થાય. અને ૨૫૦ અભિષેકમાં ૬૪૦૦૦ કળશો ગણીએ તો કુલ સંખ્યા ૧,૬૦,૦૦,૦૦૦ થશે.

હવે આ પ્રરૂપણાથી જુદી જ પ્રરૂપણા *વસુદેવહિંડી* અને *ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત* માં જોવા મળે છે -

ततो अच्चुइंदो परितोस-वियसिय-मुहारविंदो विहीए खीरोयर-सायर-सलिल-भरिएण कणय-कलस-<u>सट्ठसहस्सेण</u> अहिसिंचए ।। (*વસુદેવહિંડી*, ખંડ – ૧, નીલજસાલંભ-માં ઋષભસ્વામિચરિત્રમાં)

कृतचर्चांश्चन्दनेन, स्मेराब्जपिहिताननान् । <u>अष्टोत्तरं सहस्रं</u> स, कुम्भान् देवैः सहाऽग्रहीत् ।।

अच्युतेन्द्राज्ञया कुम्भा-स्त्रिदशा आभियोगिकाः । हैमान् रूप्यमयान् रत्नान्, हेमरूप्यमयानपि ।।

हेमरत्नमयाँश्चैव, रूप्यरत्नमयानपि । हैमरूप्यरत्नान् भौमान्, <u>सहस्रं साष्टकं</u> पृथक् ।।

(*ત્રિષષ્ટિ,* પર્વ – ૩, સર્ગ – ૧, શ્લોક – ૧૮૩-૪ અને પર્વ – ૨, સર્ગ – ૨, શ્લોક - ૪૩૮)

આ બન્ને પાઠના આધારે પ્રત્યેક જાતિના ૧૦૦૮ કળશો જ બનાવાયા હતા એમ જણાય છે. આમાં ૨૫૦ અભિષેકના કુલ કળશોની સંખ્યા ૧૦૦૮ × ૮ × ૨૫૦ = ૨૦,૧૬,૦૦૦ થશે.

આમ સ્નાત્રપૂજાના આધારે પ્રત્યેક જાતિના કળશોની સંખ્યા ૮૦૦૦ હતી. જ્યારે *વસુદેવહિંડી* જેવા અન્ય ગ્રંથોના આધારે પ્રત્યેક જાતિના કળશોની સંખ્યા ૧૦૦૮ હતી. આ પ્રરૂપણાભેદનું શું સમાધાન હોઈ શકે ?

**- મુનિ શ્રીજિનાંગદર્શનવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

* * *

## લઘુશાંતિસ્તવની રચના શા માટે ?

પ્રાયઃ સહુને એવો ખ્યાલ હોય છે કે નાડોલમાં મારી-મરકીનો ઉપદ્રવ થયો ત્યારે તેને દૂર કરવા માટે *શ્રીમાનદેવસૂરિજી* મહારાજે *લઘુશાંતિસ્તવ* ની રચના કરી હતી. બે પ્રતિક્રમણના એક પુસ્તકમાં પણ આમ છપાયેલું હતું - “નાડોલ નગરમાં મરકી હઠાવવા માટે *શ્રીમાનદેવસૂરિ* નામના આચાર્ય મહારાજે આ સ્તોત્ર બનાવ્યું છે.”

પણ *શ્રીહર્ષકીર્તિસૂરિજી* રચિત *લઘુશાંતિસ્તવ-વૃત્તિ* માં આ પ્રમાણે કથાનક છે –

पूर्वं श्रीबृहद्गच्छे श्रीमानदेवसूरय एकदा नाडूलनगरे चातुर्मासीं स्थिताः । तस्मिन्नेवाऽवसरे शाकम्भरीनगरे श्रीसङ्घः शाकिनीमरकोपद्रवेण भृशं पीडितः । तदा सङ्घेनाऽऽलोच्य महाप्रभावक-श्रीमानदेवसूरीणां पार्श्वे मनुष्याः प्रेषिताः । तैर्विज्ञप्तिः कृता । तदा पद्मा-जया-विजया-ऽपराजिताख्याभिर्देवीभिः कृतसान्निध्यैः श्रीमानदेवसूरिभिः श्रीसङ्घस्योपद्रवनिवारणार्थमिमं शान्तिस्तवं कृत्वा प्रेषितम् । ततः स्वयं पठनादन्यसकाशाच्छ्रवणाद्वाऽनेनाऽभिमन्त्रितजलच्छटादानाच्च सङ्घस्योपद्रवो गतः ।।

અર્થાત્ લઘુશાંતિસ્તવની રચના થઈ હતી નાડોલ નગરમાં જ, પણ એનું પ્રયોજન હતું શાકંભરી (સાંભર) નગરમાં મરકીનો ઉપદ્રવ દૂર કરવાનું. **- મુનિ શ્રીરાજદર્શનવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

[અમારી જાણ મુજબ, આ વાત આ રીતે જ લોકપ્રસિદ્ધ છે. – **સં.**]

* * *

## ૧. પગની પ્રમાર્જના અંગેનો વિધિ

શ્રમણ-શ્રમણી ભગવંતોને પગની પ્રમાર્જના કરવાની વિધિ *શ્રીઓઘનિર્યુક્તિ* સૂત્રની *શ્રીદ્રોણાચાર્ય* કૃત વૃત્તિમાં આ પ્રમાણે જણાવાઈ છે –

ऋतुबद्धे काले रजोहरणेन प्रमार्जनं कृत्वा प्रयाति । वर्षाकाले सति पादलेखनिकया प्रमार्जनं कर्तव्यम् ।

આ પાદલેખનિકા પાંચ પ્રકારની હોઈ શકે છે –

१. अम्बलिकामयी, २. वटमयी, ३. उदुम्बरमयी, ४. प्लक्षमयी, ५. चिञ्चिणिकामयी ।

આ પાદલેખનિકા બન્ને છેડે નખની જેમ તીક્ષ્ણ હોય છે. તેના એક છેડાથી સચિત્ત કાદવ અને બીજા છેડાથી અચિત્ત કાદવ વગેરે કાઢી શકાય છે. અને તીક્ષ્ણ હોવા છતાં પણ છેડા સ્નિગ્ધ હોય છે જેથી ઈજા ન થાય.

શિષ્ય પ્રશ્ન કરે છે કે કાદવ વગેરે ન કાઢીએ તો શો વાંધો ? આનું સમાધાન આમ અપાયું છે –

यदि न करोति तर्हि उपकरणं च मलिनीभवति । तत्र यद्युपकरणस्य प्रक्षालनं करोति, असामाचारी । यदि न क्षालयति, प्रवचनहीलना स्यात् ।।

*

## ૨. સંઘાટકને છોડીને એકલા ગોચરી જવાના કારણભૂત દોષો

સંઘાટકને છોડીને એકલા ગોચરી જવાના કારણભૂત દોષો *શ્રીઓઘનિર્યુક્તિ* માં આમ જણાવાયા છે -

गारविए काहीए, माइल्ले अलसलुद्ध निद्धम्मे । दुल्लभ अत्ताहिट्ठिए, अमणुन्ने वा असंघाडो ।।

(ગાથા - ૨૧૪)

૧. લાભાંતરાયના ક્ષયોપશમના કારણે પોતાને ગોચરી વગેરેનો લાભ થતાં ગર્વિત અને સંઘાટક-નિરપેક્ષ બને.

૨. લોકોના ઘરે લાંબા વખત સુધી ઉપદેશાદિ કરવાની આદત હોવાથી તેની સાથે કોઈ સંઘાટક જવા માટે તૈયાર ન થવાથી તે એકલો રહે.

૩. સારી ગોચરી જ વાપરવાના આશયથી પોતે એકલો ગોચરી જાય અને સારું સારું ગોચરીમાં જ ક્યાંક વાપરી લઈને મકાનમાં ખરાબ વસ્તુ જ લઈ આવે અને પોતે સંતોષી હોવાનો પ્રપંચ કરીને વાપરે.

૪. ગોચરી લેવા માટે દૂર જવામાં આળસ આવતી હોય એટલે એકલો જ ઉપાશ્રયથી નજીક ક્યાંક ગોચરી જતો રહે.

૫. વિગઈઓ વગેરે ગૃહસ્થો પાસે મંગાવી એની અન્યને ખબર ન પડે એટલે એકલો જ ગોચરી ફરે.

૬. અનેષણીય વગેરે ગ્રહણ કરવું હોય એટલે એ દોષ છૂપાવવા માટે સંઘાટકને સાથે લઈ જવાનું પસંદ ન કરે.

૭. દુષ્કાળમાં પોતાની ગોચરીમાં ભાગ ન પડે એવા ભયથી એકલો જાય.

૮. મેં લાવેલો બધો આહાર હું એકલો જ વાપરું એવા આશયથી એ એકલો જાય.

૯. પોતે ઝઘડાખોર હોવાથી કોઈ સંઘાટક એની સાથે જવા તૈયાર ન થવાથી એકલા જ જવું પડે.

– **મુનિ શ્રીતારકચંદ્રસાગરજી** (શ્રીસાગરજી મહારાજનો સમુદાય)

* * *

## *ચતુઃશરણ-પ્રકીર્ણક-વૃત્તિ* ની કેટલીક જાણવા જેવી વાતો

→ સર્વવિરતિધર મહાત્માઓ માટે પણ દ્રવ્યજિન વંદનીય હોય છે એમ આપણે સામાન્ય રીતે સમજીએ છીએ. આ દ્રવ્યજિનની અવસ્થા જિનનામકર્મના બંધ પછી અથવા તો મરીચિ જેવા દૃષ્ટાંતોમાં પ્રભુથી પ્રમાણિત થયા પછી મનાય છે. પણ *ચતુઃશરણપ્રકીર્ણક-વૃત્તિ* માં જુદી વાત આવે છે –

ये राज्यश्रीमपकर्षयन्तस्त्यजन्तः, तथा तपश्चरणं दुश्चरमनुचरन्तः केवलश्रीं चाऽर्हन्तः प्राप्नुवन्तो ये, मे शरणम् । एतेन यद्यपि शक्रादयो गर्भस्थमात्रमपि जिनं नमस्कुर्वन्ति, तथाऽपि गृहस्थावासे तेषामप्यविरतत्वात्, साधूनां तिसृष्ववस्थासु ते नमस्करणयोग्या इति दर्शितम् । यच्चाऽनागतजिना नमस्क्रियन्ते तत् तेऽपि चारित्रावस्था एवेति भावः ।। (*ચતુઃશરણ૦ – ૧૪ વૃત્તિ*)

અહીં ચારિત્રધર તીર્થંકરોને જ શ્રમણોથી વંદન થઈ શકે એમ જણાવાયું છે.

→ પરમાત્માની વાણીના ૩૫ અતિશયોના વર્ણનમાં સામાન્યથી આપણે એમ કહીએ છીએ કે પ્રભુની વાણી સર્વ ઉપસ્થિત જીવોની પોતપોતાની ભાષારૂપે પરિણમે છે અને તે જીવો તેને સ્વસ્વભાષામાં સમજે છે. પણ *ચતુઃશરણપ્રકીર્ણક-વૃત્તિ* માં આ અતિશયના મર્મ સુધી પહોંચવાનો પ્રયત્ન દેખાય છે –

एगाए गिराए संदेहं देहिनां समुच्छित्ता । तिहुयणमणुसासित्ता अरिहंता हुंतु मे सरणं ।।

(*ચતુઃશરણ૦ – ૧૯*)

एकया गिरा- एकेनाऽपि वचनेनाऽनेकेषां देहिनामनेकप्रकारसन्देहं समुच्छेद्य- संशयत्रुटिं कृत्वेत्यर्थः । ननु कथमर्हद्गीरेकाऽपि युगपत् प्रतिप्राणि संशयव्यवच्छेदाय भवति? उच्यते – एकस्यामपि भगवद्भाषायां सर्वाक्षरसंयोगः कथमप्यस्ति । स च श्रोतृश्रवणपुद्गलस्पृष्टः सन् व्यक्तीभवति । तथा हि – अर्हद्भाषादलिकानि सन्देहवतां श्रोतॄणां कर्णकोटरं प्रविष्टानि, ततस्तच्छ्रवणपुद्गलसंयोगतः स्वकीयां सर्वाक्षरसन्निपातलक्षणां शक्तिं व्यक्तीकुर्वन्ति । ततस्तदुत्तररूपतयाऽनेकशः परिणमन्ति ।। (*ચતુઃશરણ૦ – ૧૯ વૃત્તિ*)

→ વૈર અને વિરોધ વચ્ચે શો તફાવત છે ? –

चिरकालं- प्रभूतकालजं वैरम्, श्रीवीरजिनं प्रति त्रिपृष्ठभवनिहत-सिंहजीव-ब्राह्मणबटुकपिलस्येव । विरोधः कुतश्चित् कारणात् तत्कालसम्भवोऽप्रीतिविशेषः ।। (*ચતુઃશરણ૦ – ૩૫ વૃત્તિ*)

– **મુનિ શ્રીહેમનિલયવિજયજી** (શ્રીનીતિસૂરિ-સમુદાય)

* * *

# १. पुद्गल परमाणुओं का बंध देश से होता है या सर्व से?

यह बात तो सर्वत्र प्रसिद्ध है कि स्निग्ध और रूक्ष गुण के कारण परमाणुओं का परस्पर बंध होता है[1]। अब प्रश्न यह होता है कि दो परमाणुओं का जब बंध होता है तब वह देश से होता है या सर्व से? इसमें तीन विकल्प संभवित है –

१. वह बंध देश से होता है ऐसा माना जाय । लेकिन तब तो परमाणुओं का देश स्वीकारने से परमाणुत्व की क्षति का प्रसंग होगा । क्योंकि परमाणु तो निरवयव और अंत्य सूक्ष्म होने से उसका देश संभवित नहीं है ।

२. यदि परमाणु का बंध सर्व से माना जाय तो पूरा जगत् एक ही आकाशप्रदेश में समा जाने की आपत्ति आएगी ।

३. यदि देश से भी बंध स्वीकृत न किया जाय, और सर्व से भी नहीं, मात्र प्रत्यासन्नत्व ही बंध है ऐसा माना जाय तो परमाणुओं से बने कोई भी स्कंध का इंद्रिय से ग्रहण संभवित नहीं रहेगा । क्योंकि वे उनके स्वयं के स्वरूप में रहते हुए इंद्रिय से गम्य नहीं होते ।

उक्त तीनों विकल्पों की असिद्धि का समाधान *तत्त्वार्थसूत्र* की *सिद्धसेनीया* वृत्ति में इस प्रकार दिया गया है –

"कथं सर्वशब्दः प्रयुज्यमानोऽनेकवस्तुविषयो निरवशेषाभिधायितया लोकेऽविगानेन रूढो नाऽसम्बन्धार्थो भवेत् ? कथं वा नानाध्यवसितस्य वस्तुनः कस्यचिदेवाऽभिधाय्येकदेशशब्दो निर्भेदपरमाणुविषये प्रसज्यमानः साध्यमानं प्रतिपत्स्यते? ... स हि सक्रियः परमाणुस्थमाकाशमेवाऽऽविशति ।।" (सूत्र – ५.२६ वृत्ति)

इसका सामान्य अर्थ यह हो सकता है कि सर्वशब्द का प्रयोग अनेकवस्तु विषयक है । जब अनेक वस्तुओं में सम्पूर्ण अर्थ कहना हो तब सर्व शब्द का प्रयोग किया जाता है, यह बात लोक में निर्विवाद रूप से रूढ है । इसलिए दो परमाणुओं के बंध में सर्व शब्द का प्रयोग नहीं किया जा सकता । इसी तरह देश शब्द भी अनेकभेदवाली वस्तु के एकदेश रूपी अर्थ को कहने में रूढ है । अतः देश शब्द का प्रयोग भी यहाँ योग्य नहीं है ।

अतः हम तो सिर्फ इतना कहते हैं कि जब परमाणु का बंध होता है तो वह अन्य परमाणु के आकाश में प्रवेश करता है ।

*आवश्यकसूत्र* की *श्रीमलयगिरि* रचित वृत्ति में गणधरवाद के अंतर्गत चतुर्थ गणधर की चर्चा में भिन्न प्रकार से इसका समाधान मिलता है –

"तत्र पक्षद्वयेऽप्यदोषः । परमाणूनां विचित्रपरिणमनशक्तिसमन्विततया कदाचिद् देशतः कदाचित् सर्वात्मना सम्बन्धभावात् । न च वाच्यं – देशाभ्युपगमे परमाणोरपरमाणुत्वप्रसङ्गः । परमाणुर्हि स उच्यते यतो नाऽन्यदल्पतरम्, परमोऽणुः परमाणुरिति व्युत्पत्तेः । न च विवक्षितात् परमाणोरन्यदल्पतरमस्ति, ततः परमाणुत्वाव्याघातः ।... परिणामविशेषकल्पितानां परमाणूनां परस्परं यत् प्रत्यासन्नत्वं तदेव परमाणुसमूहः । एष एव च देशतः परमाणूनां सम्बन्धः ।... अथ दिग्भेदतो यद् भेदः, स एवाऽन्यदल्पतरमस्तीति कथं न परमाणुत्वव्याघातः? तदपि अयुक्तं, सम्यक् तत्त्वापरिज्ञानात् । परमोऽणुर्हि स उच्यते यो द्रव्यतोऽशक्यभेदः । न च विवक्षितस्य परमाणोर्द्रव्येण शस्त्रादिना भेद आपादयितुं शक्यते ।... अव्याहतं षड्दिग्भेदेऽपि परमाणुत्वं ।... योऽपि सर्वपक्षे दोष उक्तः... सोऽप्ययुक्तो, यतो न परमाणोः परमाणुर्विनाशकः, सतः सर्वथा विनाशायोगात् ।

---

[1] स्निग्धरूक्षत्वाद् बन्धः।। - *तत्त्वार्थ.* - ५.३२

ततो द्वावपि परमाणू तथाविधपरमाणुविशेषतः सर्वात्मना सम्बन्धमापद्यमानौ सत्तोपचयविशेषात् स्थूलद्व्यणुकरूपतामेव प्राप्नुतो न परमाणुत्वमात्रमित्यदोषः ।।" (निर्युक्तिगाथा – ६१२ वृत्ति)

इसका सामान्य अर्थ यह हो सकता है - देश से बंध हो या सर्व से, दोनों पक्ष में दोष नहीं है । क्योंकि परमाणुओं की विचित्र परिणमन शक्ति होने से कभी देशबंध होता है, कभी सर्वबंध । परिणामविशेष के बल पर परिकल्पित परमाणुओं का जो प्रत्यासन्नत्व है उसे ही परमाणुसमूह कहा जाता है । वही परमाणुओं का देश से बंध है । इसमें देशबंध मानने पर भी परमाणुत्व की क्षति का प्रसंग नहीं आएगा । क्योंकि परमाणु उसे कहते है जिससे अल्पतर अन्य कुछ न हो । हम जिसे परमाणु मानते हैं उससे अल्पतर कुछ नहीं होता, अतः परमाणुत्व की क्षति नहीं होती है । दिशा के भेद से जो परमाणु का भेद है, वह उससे भी अल्पतर है अतः परमाणुत्व का व्याघात होगा, यह भी मिथ्या बात है । क्योंकि विवक्षित परमाणु का द्रव्य से भेद करना संभवित नहीं है । अतः छ दिशाओं का भेद होने पर भी उससे अल्पतर कुछ नहीं होता, अतः परमाणुत्व की क्षति नहीं होती है ।

सर्वात्मना बंध होने पर भी कोई क्षति नहीं होती है । क्योंकि एक परमाणु दूसरे परमाणु का विनाशक नहीं है । अतः दो परमाणु सर्वात्मना बंध करते हुए भी सत्ता के उपचयविशेष से स्थूलद्व्यणुकता को प्राप्त करते हैं । फलतः मात्र परमाणुत्व में जगत् समा जाने की आपत्ति नहीं आएगी ।

उपर्युक्त दोनों चर्चाओं पर विचार करने पर *श्रीमलयगिरिजी* का समाधान अधिक तर्कसंगत प्रतीत होता है ।

*

## २. क्या तीर्थंकर भगवंत को भी देशना का परिश्रम होता है?

यह बात तो प्रसिद्ध है कि तीर्थंकर भगवंत सुबह और शाम १-१ प्रहर तीर्थंकर नामकर्म का क्षय करने के लिए देशना देते हैं । अब प्रश्न यह होता है कि जब दूसरे प्रहर में गणधर भगवंत देशना देते हैं, तब तीर्थंकर भगवंत स्वयं देशना क्यों नहीं देते ? इस प्रश्न के उत्तर रूप में *आवश्यकनिर्युक्ति* की यह गाथा लिखी गई है – खेयविणोओ सीसगुणदीवणा...।। (५८८) इसकी वृत्ति में *श्रीमलयगिरिसूरिजी* फरमाते हैं कि – "खेदविनोदः परिश्रमविनाशो भगवतो भवति ।..."

इसका मतलब यह होता है कि परिश्रम के विनाश हेतु, शिष्य के गुणों के उद्दीपन हेतु इत्यादि कारणों से तीर्थंकर भगवंत दूसरे प्रहर में स्वयं देशना नहीं देते । तो प्रश्न यह होता है कि क्या तीर्थंकर भगवंत को भी देशना देने से परिश्रम होता है? क्योंकि "अगिलाए धम्मदेसणाईहिं" (*आवश्यकनिर्युक्ति* - १८०) जैसे शास्त्रपाठों से और वीर्यांतराय के क्षय से उद्भूत अनंत वीर्य के वर्णन से हम तो सामान्यतः यही समझते हैं कि तीर्थंकर भगवंत को देशना देने से तनिक भी परिश्रम नहीं होता ।

तो इसमें परमार्थ क्या है वह दिखाने हेतु विद्वज्जनों से विज्ञप्ति है ।

*

## ३. क्या शरीर में बहता खून अचित्त होता है ?

*आवश्यकनिर्युक्ति* के उपोद्धात में निर्गम द्वार के द्रव्य निक्षेप में सचित्त-अचित्त-मिश्र पदार्थों के परस्पर ९ भांगे करके उनके दृष्टांत दिये गये हैं । जैसे सचित्त से सचित्त का निर्गम – पृथ्वी से अंकुर इत्यादि । यहाँ मिश्र द्रव्य से अचित्त द्रव्य के निर्गम का दृष्टांत है – स्त्रीशरीर से विष्ठा का निर्गम । देखिये –

"मिश्रादचित्तस्य यथा देहाद् विष्ठायाः ।।" (*हारिभद्री* गा. १४५ वृत्ति एवं *मलयगिरि* गा. १४२ वृत्ति)

इस दृष्टांत देने के बाद *मलयगिरिजी* "उक्तं च" लिखकर *विशेषावश्यकभाष्य* की गाथा १५३५ का उल्लेख करते हैं । जिससे जान पडता है कि उन्होंने यह चर्चा *विशेषावश्यकभाष्य* के आधार पर की है । लेकिन *विशेषावश्यकभाष्य* में *जिनभद्रगणिजी* ने मिश्र द्रव्य से अचित्त द्रव्य के निर्गम के दृष्टांतरूप में स्त्रीशरीर से खून निकलने की बात की है ।

अब प्रश्न यह होता है कि क्या हमारे शरीर में बहता खून अचित्त होता है ? पूरे शरीर में ऊर्जा की पूर्ति करनेवाला रक्त अचित्त हो यह बात सीधे-सीधे बुद्धि में नहीं बैठती । ऐसा भी नहीं कह सकते कि खून निकलने के बाद अचित्त हो जाता है ऐसा यहाँ समझना चाहिए । क्योंकि यहाँ अचित्त द्रव्य के निर्गम की बात चल रही है ।

दूसरी बात यह भी विचारणीय है कि *विशेषावश्यकभाष्य* के निरूपण को आधार बनाकर ही की गई इस चर्चा में रक्त की जगह विष्ठा का दृष्टांत क्यों दिया गया है ? दृष्टांत बदलने की आवश्यकता क्या हो सकती है ? शायद यह तो नहीं कि तार्किक *श्रीहरिभद्रसूरिजी* एवं *श्रीमलयगिरिसूरिजी* के मन में रक्त अचित्त है यह बात नहीं ठीक लगी हो, और उन्होंने इसलिए जो निर्विवादरूप से अचित्त समझा जाय वैसा विष्ठा का दृष्टांत दिया हो ?

विद्वज्जन इस बात का कोई समाधान प्रस्तुत करे ऐसी विनति है ।

**- मुनि श्रीगोयमचंद्रविजयजी** (डहेलावाला-समुदाय)

* * *

## કષાયોની એક નવી જ રીતે રજૂઆત

પૂજ્ય પં. *શ્રીભદ્રંકરવિજયજી* મ. ના મુખે ઘણીવાર સાંભળેલું છે કે 'અહંકાર દોષોનો સરદાર છે. જેનો અહંકાર મજબૂત તેના લગભગ બધા જ દોષો મજબૂત. અહંકાર જો દોષોનો સરદાર છે તો નમસ્કાર ગુણોનો સરદાર છે. નવકારમંત્ર આપણા અહંકારને તોડીને નમોભાવ પેદા કરે છે.' આથી અહંકારને પ્રધાનતા આપે તેવો આગમપાઠ મળે તો સારું, એવું ઘણા વખતથી મનમાં હતું જ. હમણાં જ *શ્રીસૂત્રકૃતાંગ* આગમના પ્રથમ અધ્યયનના ચોથા ઉદ્દેશકની ગાથા – ૧૨ માં કષાયવિજયની વાતમાં આ પ્રકારનો ભાવ દર્શાવતો પાઠ જોવા મળ્યો. તેમાં પહેલાં ક્રોધને બદલે માનનો ઉપન્યાસ કર્યો છે. આવું શા માટે કર્યું છે તેનો તાત્ત્વિક ખુલાસો પણ તેની વૃત્તિમાં અપાયો છે. આ એક નવી વાત જણાયાથી તે અત્રે રજૂ કરી છે. મૂળ ગાથા અને તેની વૃત્તિ –

एतेहिं तिहिं ठाणेहिं, संजए सततं मुणी । उक्कसं जलणं णूमं, मज्झत्थं च विगिंचए ।।

तथा <u>सततम्</u>- अनवरतम्, <u>मुनिः</u>- सम्यग् यथावस्थितजगत्त्रयवेत्ता, उत्कृष्यते आत्मा दर्पाध्मातो विधीयतेऽनेनेत्युत्कर्षो मानः, तथाऽऽत्मानं चारित्रं वा ज्वलयति- दहतीति <u>ज्वलनः</u> क्रोधः, तथा <u>णूम</u>मिति गहनं मायेत्यर्थः, तस्या अलब्धमध्यत्वादेवमभिधीयते, तथा आसंसारमसुमतां मध्येऽन्तर्भवतीति <u>मध्यस्थो</u> लोभः, <u>च</u>शब्दः समुच्चये, एतान् मानादींश्चतुरोऽपि कषायाँस्तद्विपाकाभिज्ञो मुनिः सदा <u>विगिंचए</u>त्ति विवेचयेद्-आत्मनः पृथक्कुर्यादित्यर्थः ।

ननु चाऽन्यत्राऽऽगमे क्रोध आदावुपन्यस्यते, तथा क्षपकश्रेण्यामारूढो भगवान् क्रोधादीनेव संज्वलनान् क्षपयति, तत् किमर्थमागमप्रसिद्धं क्रममुल्लङ्घ्याऽऽदौ मानस्योपन्यास इति अत्रोच्यते – माने सत्यवश्यंभावी क्रोधः, क्रोधे तु मानः स्याद् वा न वेत्यस्याऽर्थस्य प्रदर्शनायाऽन्यथाक्रमकरणमिति ।।

અહીં ક્રોધાદિ માટે જ્વલન વિગેરે નવા જ શબ્દો પ્રયોજાયા છે તે પણ નોંધનીય છે.

**- मुनि श्रीमुक्तिश्रमणविजयજી** (શ્રીકલાપૂર્ણસૂરિ-સમુદાય)

* * *

## *નવતત્ત્વ* ની जइआइ होइ पुच्छा એ ગાથાના તાત્પર્ય અંગે વિચારણા

આ ગાથામાં **निगोअस्स** પદથી સૂક્ષ્મ અને બાદર બન્ને નિગોદનું ગ્રહણ કરવું જોઈએ. કારણ કે *પ્રજ્ઞાપનાસૂત્ર* ના અલ્પબહુત્વ પ્રમાણે બાદર નિગોદના જીવોથી સિદ્ધના જીવો અનંતમા ભાગે છે. તેથી ભૂતકાળમાં કે ભવિષ્યકાળમાં બાદર નિગોદના જીવો સિદ્ધના જીવો કરતાં અનંતમા ભાગે જ રહેવાના છે. પણ જો ક્યારેક બાદર નિગોદના જીવોથી સિદ્ધના જીવો અસંખ્યાતમા ભાગે થશે એવું માનવામાં આવે તો સૂક્ષ્મ નિગોદના જીવોથી અસંખ્યાતમા ભાગે જ બાદર નિગોદના જીવો હોવાથી સિદ્ધના જીવો પણ સૂક્ષ્મ નિગોદના જીવોથી અસંખ્યાતમા ભાગે માનવાની આપત્તિ આવશે. જ્યારે *પ્રજ્ઞાપનાસૂત્ર* ના અલ્પબહુત્વ પ્રમાણે સૂક્ષ્મ નિગોદના જીવોથી સિદ્ધના જીવો અનંતમા ભાગે છે. તેથી સિદ્ધના જીવો કરતાં સૂક્ષ્મ અને બાદર બન્ને નિગોદના જીવોને કાયમ માટે અનંતગુણા જ સમજવાના છે. અને તેથી ઉપરોક્ત ગાથામાં **निगोअस्स** પદથી સૂક્ષ્મ અને બાદર બન્ને નિગોદનું ગ્રહણ કરવું જોઈએ.

**- મુનિ શ્રીસુવ્રતચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

* * *

## ૧. જ્ઞાનોત્પાદન-પ્રક્રિયા

*જૈનતર્કભાષા* (સં. – *મુનિ શ્રીત્રૈલોક્યમંડનવિજયજી*, પ્ર. – *જૈન ગ્રંથ પ્રકાશક સમિતિ, ખંભાત* ) ગ્રંથમાં પ્રારંભનાં પત્રોમાં સંપાદકશ્રીએ **इदमत्र चिन्त्यम्** એ લેખમાં જણાવ્યા મુજબ આપણે ત્યાં જ્ઞાનોત્પાદનની એક જ પ્રક્રિયાને બે વિભિન્ન પરિભાષાઓમાં રજૂ કરવામાં આવે છે. જેમાં એક પરિભાષાના પુરસ્કર્તા *શ્રીજિનભદ્રગણિ* આદિ સૈદ્ધાંતિક પક્ષના પક્ષધર મહાત્માઓ છે. તો બીજી પરિભાષાના સમર્થક મહાપુરુષો *શ્રીહેમચંદ્રાચાર્ય, વાદી શ્રીદેવ-સૂરિજી* વિગેરે તાર્કિક મુનિપ્રવરો છે. બન્ને પરિભાષાઓને ત્યાં કોષ્ટક દ્વારા સ્પષ્ટ કરવામાં આવી છે. જેમાં મુખ્ય તફાવત એ છે કે ૧. સૈદ્ધાંતિક પરંપરામાં જેને વ્યંજનાવગ્રહના નામે ઓળખવામાં આવે છે તેને તાર્કિક પરંપરામાં વિષય-વિષયિસન્નિપાત, અક્ષાર્થયોગ વિગેરે નામથી ઓળખાવવામાં આવે છે. ૨. સૈદ્ધાંતિક પરંપરા મુજબ જે જ્ઞાનમાત્રાઓ નૈશ્ચયિક અર્થાવગ્રહ અને ત્યારબાદ થતી ઈહાના નામે ઓળખાય છે તે સઘળીયે જ્ઞાનમાત્રાઓ તાર્કિક પરંપરામાં આલોચન અથવા દર્શન તરીકે ઓળખાય છે. આ રીતે દર્શન એ મતિજ્ઞાન-ઉત્પાદનની પ્રક્રિયાની મધ્યમાં અંતર્ગત થતો તબક્કો છે. ૩. સૈદ્ધાંતિક પરંપરામાં જે પ્રાથમિક નિશ્ચય અપાય અથવા તો વ્યાવહારિક અર્થાવગ્રહના નામે ઓળખાય છે તેને જ તાર્કિકો પ્રાથમિક નૈશ્ચયિક અવગ્રહ ગણે છે. અને એ અપાય પછી પ્રવર્તતી દ્વિતીય ઈહા અને દ્વિતીય અપાય એ જ તાર્કિકોના મતે વાસ્તવિક ઈહા અને અપાય છે.

આ બન્ને પરિભાષાઓના પુરસ્કર્તા મહાત્માઓનાં નામોમાં ત્યાં *શ્રીહરિભદ્રસૂરિજી* અને *શ્રીમલયગિરિસૂરિજી* મહારાજનાં નામો ગણાવાયાં નથી. પણ *આવશ્યકનિર્યુક્તિ* ની તે મહાત્માઓએ રચેલી વૃત્તિમાં થયેલી પ્રરૂપણાઓને આધારે તેઓ અનુક્રમે તાર્કિક અને સૈદ્ધાંતિક પરંપરાના પુરસ્કર્તા છે એમ જણાય છે. કારણ કે બન્ને મહાત્માઓએ અવગ્રહની વ્યાખ્યા અલગ-અલગ જણાવી છે –

तेषामर्थानां प्रथमं दर्शनानन्तरं ग्रहणमवग्रहणमवग्रहं ब्रुवते ।। (*આ.નિ.* – ગાથા – ૨ *હારિભદ્રીય* વૃતિ)

तेषामर्थानां प्रथमं ग्रहणमवग्रहणमवग्रहं ब्रुवते ।। (*આ.નિ.* – ગાથા – ૨ *મલયગિરિ* વૃતિ)

આમાં *શ્રીહરિભદ્રસૂરિજી* એ કરેલી વ્યાખ્યા પરથી સ્પષ્ટ છે કે તેઓ અવગ્રહ પૂર્વે દર્શન થાય છે તેમ માને છે. તેથી તેઓ તાર્કિક આચાર્યોની દ્વિતીય પરિભાષાને સ્વીકારે છે એમ સમજી શકાય. જ્યારે *શ્રીમલયગિરિસૂરિજી* મહારાજ **दर्शनानन्तरं** પદનો ત્યાગ કરવાપૂર્વક વ્યાખ્યા કરે છે. તેથી તેઓને સૈદ્ધાંતિક પરંપરા મુજબ સીધો અવગ્રહ જ થાય તે વાત યોગ્ય જણાતી હશે એમ માની શકાય.

*

## ૨. ઈહા અને અવગ્રહ : જ્ઞાન કે દર્શન?

ઈહા અને અવગ્રહ મતિજ્ઞાનના ભેદ છે અને પ્રાયઃ તેમની પ્રરૂપણા પણ એ જ રીતે થતી હોય છે. પરંતુ *આવશ્યકનિર્યુક્તિ* ની અંચલગચ્છીય *શ્રીમાણેક્યશેખરસૂરિજી* રચિત *દીપિકા* વૃત્તિમાં આ બાબતે કંઈક અલગ પ્રરૂપણા થયેલી દેખાય છે. તેઓ જણાવે છે કે ઈહા અને અવગ્રહ સામાન્યગ્રાહી હોવાથી 'દર્શન' બને છે અને તે ચક્ષુર્દર્શન અને અચક્ષુર્દર્શનમાં અંતર્ભૂત થાય છે. તે સિવાયના બાકી રહેતા ભેદો વિશેષગ્રાહી હોવાથી 'જ્ઞાન' છે. ઈહા અને અવગ્રહ દર્શનસ્વરૂપ હોવા છતાં, બોધસ્વરૂપ હોવાથી એ બન્ને 'જ્ઞાન' શબ્દથી લઈ લેવાયા છે. જુઓ –

अत्र ईहावग्रहभेदाः सामान्यग्राहित्वाद् दर्शनं, ते तु चक्षुर्दर्शना-ऽचक्षुर्दर्शनयोरन्तर्भवन्ति । शेषभेदास्तु विशेषग्राहित्वाद् ज्ञानम् । इह तु बोधरूपत्वाद् ज्ञानशब्देनैव द्वयमप्यात्तं ज्ञेयम् ।। (*આ.નિ.* – ગાથા – ૩ વૃત્તિ)

**- મુનિ શ્રીનયજ્ઞવિજયજી, મુનિ શ્રીગોયમચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

[नाणमवायधिइओ, दंसणमिट्ठं जहोग्गहेहाओ એ રીતે *વિશેષાવશ્યકભાષ્ય* – ગાથા – ૫૩૬ માં પણ આ જ વાત રજૂ થઈ છે. આ સંદર્ભે 'શ્રીહેમચંદ્રાચાર્ય વિરચિત પ્રમાણમીમાંસાના પરિપ્રેક્ષ્યમાં મતિજ્ઞાનના ઉત્પત્તિક્રમની વિચારણા' (લે. – **ત્રૈ.**, *અનુસંધાન* - ૫૪, પૃષ્ઠ – ૧૫-૩૮) અને 'દર્શન વિશે વિચારણા' (લે. – **ત્રૈ.**, *અનુસંધાન* - ૫૬, પૃષ્ઠ – ૧૪૩-૧૭૩) એ લેખ પઠનીય છે.]

* * *

## અલંકારો અંગે એક રસપ્રદ નોંધ

[પૂજ્યપાદ આચાર્ય ભગવંત *શ્રીવિજયસૂર્યોદયસૂરીશ્વરજી* મહારાજે પોતાના વિદ્યાર્થીકાળમાં 'મુખ ચંદ્ર જેવું છે' આ એક જ વાત मुखं चन्द्रमिव એમ ઉપમા અલંકાર સિવાય પણ કેટલા અલંકારોમાં રજૂ કરી શકાય તેની આ નાનકડી નોંધ તૈયાર કરી હશે. તે હમણાં હાથમાં આવતા મિત્ર મુનિવરોને અલંકારોના અભ્યાસમાં ઉપયોગી થશે તેમ સમજી અત્રે રજૂ કરી છે. – **સં.**]

| क्र. | अलङ्कारः | उदाहरणम् |
|---|---|---|
| १ | उपमेयोपमा | चन्द्र इव मुखं, मुखमिव चन्द्रः |
| २ | अनन्वयः | मुखं मुखमिव |
| ३ | प्रतीपः | मुखमिव चन्द्रः |
| ४ | स्मरणः | चन्द्रं दृष्ट्वा मुखं स्मरति |
| ५ | रूपकः | मुखमेव चन्द्रः |
| ६ | परिणामः | मुखचन्द्रेण तापः शाम्यति |
| ७ | सन्देहः | किमिदं मुखमुताऽहो चन्द्रः |
| ८ | भ्रान्तिमान् | चन्द्र इति चकोरास्त्वन्मुखमनुधावन्ति |
| ९ | उल्लेखः | चन्द्र इति चकोराः, कमलमिति चञ्चरीकास्त्वन्मुखे रज्यन्ति |
| १० | अपह्नवः | चन्द्रोऽयं, न मुखम् |
| ११ | उत्प्रेक्षा | नूनं चन्द्रः |
| १२ | अतिशयोक्तिः | चन्द्रोऽयम् |
| १३ | तुल्ययोगिता | मुखेन चन्द्र-कमले निर्जिते |
| १४ | दीपकः | निशि चन्द्रस्त्वन्मुखं च हृष्यति |
| १५ | प्रतिवस्तूपमा | त्वन्मुखे एवाऽहं रज्यामि, चन्द्र एव चकोरो रज्यते |
| १६ | दृष्टान्तः | दिवि चन्द्रो, भुवि त्वन्मुखम् |
| १७ | निदर्शना | मुखं चन्द्रश्रियं बिभर्ति |
| १८ | व्यतिरेकः | निष्कलङ्कमुखं चन्द्रादतिरिच्यते |
| १९ | सहोक्तिः | त्वन्मुखेन समं चन्द्रो निशासु हृष्यति |
| २० | अप्रस्तुतप्रशंसा | मुखस्य पुरतश्चन्द्रो निष्प्रभः |

## *વિશેષાવશ્યક-ભાષ્ય* અને *બૃહત્કલ્પ-લઘુભાષ્ય*નાં નિરૂપણમાં અપેક્ષાભેદ

*વિશેષાવશ્યક-ભાષ્ય* (હવે પછી – *વિ.ભાષ્ય*)ની ૪૬૯-૪૭૩ ગાથાઓમાં લબ્ધ્યક્ષરની પ્રાપ્તિ કઈ રીતે થાય તે વિશે આ મુજબ ચર્ચા થઈ છે –

"पच्चक्खमिंदिय-मणेहिँ लब्भइ लिंगेण चऽक्खरं कोइ । लिंगमणुमाणमण्णे, सारिक्खाई पभासंति ।।
सारिक्ख-विवक्खो-भय-मुवमा-ऽऽगममेव सव्वमणुमाणं । किंचिम्मत्तविसेसेण वा न तं पंचहा ठाइ ।।
इंदिय-मणोनिमित्तं, पि नाऽणुमाणाहि भिज्जए किंतु । नाऽविक्खइ लिंगंतर-मिइ पच्चक्खोवयारोऽत्थ ।।
नाऽपुणरुत्ता न समत्त-लिंगसंगाहिया न य गुणाय । नियमियपरिमाणाए, किं च विसेसोवलद्धीए ।।
नाऽहिगयाऽणुवलद्धी, न वा विवक्खो त्ति वा तओ सव्वा ।
सक्खाइगहणेण वा, न उ जुत्तो तिविहनियमो सो ।।"

*મલધારી શ્રીહેમચંદ્રાચાર્ય* રચિત આ ગાથાઓની વૃત્તિ પ્રમાણે આ ગાથાઓનો સંક્ષિપ્ત ભાવાર્થ આમ છે –

"ઇંદ્રિય અને મનના નિમિત્તે જે વસ્તુનું પ્રત્યક્ષજ્ઞાન જન્મે, તે જ વસ્તુના વિષયમાં કોઈકને લબ્ધ્યક્ષર-અક્ષરાત્મક બોધ જન્મે છે. ક્યારેક લિંગના આધારે પણ આવો અક્ષરાત્મક બોધ જન્મતો હોય છે. લિંગના આધારે જન્મતો આવો બોધ 'અનુમાન' કહેવાય છે. આ અનુમાન સાદૃશ્ય વગેરે પાંચ વસ્તુને લીધે જન્મતું હોવાથી પાંચ પ્રકારનું હોય છે એમ કેટલાક આચાર્યો કહે છે.

પાંચ પ્રકાર – ૧. પ્રત્યક્ષજ્ઞાનથી જણાયેલા એક અર્થમાં રહેલા સાદૃશ્યને લીધે તેનાથી અન્ય અર્થની સ્મૃતિ જન્મે. જેમ કે એક ભાઈને જોઈને બીજો ભાઇ યાદ આવે. ૨. એ જ રીતે એક અર્થના દર્શનથી તેના વિપક્ષની સ્મૃતિ જન્મે. જેમ કે સાપને જોઈને નોળિયો યાદ આવે. ૩. ઉભયસ્વરૂપ એક અર્થને જોઈને તે ઉભય અર્થની સ્મૃતિ જન્મે. જેમ કે ખચ્ચરથી અશ્વ અને ગર્દભ બન્ને યાદ આવે. ૪-૫. ઉપમાન અને આગમથી જે અક્ષરાત્મક બોધ જન્મે તે.

*વિ.ભાષ્યકાર* જણાવે છે કે આ પ્રકારનો સઘળોય બોધ આખરે તો અનુમાન જ છે. કારણ કે આ બધામાં એક રીતે તો વ્યાપ્તિજ્ઞાન જ ભાગ ભજવે છે. અને આ બધામાં પરસ્પર કંઇક ભેદ હોવા માત્રથી એ બધાને અલગ-અલગ ગણશો, તો તો અગ્નિનું જ્ઞાન કરાવનાર ધૂમાત્મક કાર્યહેતુ, પાણીનું અસ્તિત્વ જણાવતી બગલાની હાજરી રૂપ સ્વભાવહેતુ જેવા અનુમાનના ઘણા પ્રકાર બાકી રહી જતા હોવાથી આવું પાંચ પ્રકારનું વિભાજન પણ બરાબર નથી.

વસ્તુતઃ આત્માને ઇંદ્રિય અને મનની સહાયથી થતું ઘટાદિજ્ઞાન પણ એક પ્રકારનું અનુમાન જ છે. કેમ કે એ સાક્ષાત્ આત્માથી જણાતું જ્ઞાન તો નથી જ. ફક્ત તે જ્ઞાનોમાં લિંગની અપેક્ષા ન હોવાને લીધે જ તે જ્ઞાન લોક-વ્યવહારમાં અનુમાન ન કહેવાતાં પ્રત્યક્ષજ્ઞાન જ કહેવાય છે. પરમાર્થથી તો એ જ્ઞાનો પણ અનુમાન જ છે.

ખરેખર તો આ પાંચ પ્રકારનાં અનુમાન માનવામાં ઘણા દોષો છે – ૧. **પુનરુક્તતા** – સાદૃશ્ય અને સાદૃશ્યજન્ય ઉપમાનમાં સરખાપણું જ હોવાથી. ૨. **અસર્વસમાવેશ** – સકલલોકપ્રતીત ધૂમાત્મક કાર્યહેતુઓ અને કૃતકત્વ જેવા સ્વભાવહેતુઓનો આમાં સમાવેશ નથી થતો. અને જો આવા હેતુઓમાં પણ કોઈક રીતે સાદૃશ્ય જ કારણ છે એમ કહીને બચાવ કરવા જાવ તો તો સર્વ હેતુઓમાં કોઈક રીતે સાદૃશ્ય ઘટાવીને લિંગનો એક જ પ્રકાર કેમ નથી ગણતા ?. ૩. **નિરર્થકતા** – અનુમાનથી જ જો સર્વસંગ્રહ થઈ શકતો હોય તો લિંગના આવા ઉભડક પાંચ પ્રકાર પાડવાનો કોઈ મતલબ જ નથી.

વળી, એ અન્ય આચાર્યો અર્થની અનુપલબ્ધિને ત્રણ પ્રકારની ગણાવે છે – ૧. **અત્યન્તાનુપલબ્ધિ** – શશશૃંગની જેમ જે અર્થનું દુનિયામાં અસ્તિત્વ જ ન હોય. ૨. **સામાન્યાનુપલબ્ધિ** – સારી રીતે જોયેલો પણ અડદનો એક દાણો અડદના ઢગલામાં ભેગો થઈ જાય તો અલગથી નથી દેખાતો. ૩. **વિસ્મૃત્યનુપલબ્ધિ** - 'આ શું છે ?' તે વિસ્મૃત થઈ ગયું હોય તો તે અર્થ પણ નથી જ જણાતો.

અન્ય આચાર્યોના મતે થતા અનુપલબ્ધિના આ નિરૂપણમાં અતિસંનિકૃષ્ટત્વ, અતિવિપ્રકૃષ્ટત્વ વિગેરેને લીધે થતી અર્થાનુપલબ્ધિઓનો સંગ્રહ ન હોવાથી અનુપલબ્ધિઓનું આ વિભાજન પણ અધૂરું જ છે."

*વિ.ભાષ્યકાર* અને *વૃત્તિકાર* દ્વારા ખંડિત આ મત કોનો છે તે આપણે લગભગ જાણતાં નથી હોતા એટલે આપણે આને કોઈ અજાણ્યો મત જ સમજી લઈએ છીએ. પણ વાસ્તવમાં આ મત સમર્થ શ્રુતધર *શ્રીસંઘદાસગણિ ક્ષમાશ્રમણ* નો છે. અને તેઓએ તેનું *બૃહત્કલ્પ-લઘુભાષ્ય* (હવે પછી – *બૃ.ભાષ્ય)* ની ગાથા ૪૫-૫૩ માં વર્ણન કર્યું છે. જુઓ –

"सामन्न विसेसेण य, दुविहुवलद्धी उ पढमिय अभेया । तिविहा य अणुवलद्धी, उवलद्धी पंचहा बिइया ।।
अच्चंता सामन्ना, य विस्सुती होइ अणुवलद्धीओ । सारिक्ख-विवक्खो-भय-उवमा-गमतो य उवलद्धी ।।
अत्थस्स दरिसणम्मि वि, लद्धी एगंततो न संभवइ । दट्ठुं पि न याणंते, बोहिय पंडा फणस सत्तू ।।
अत्थस्स उग्गहम्मि वि, लद्धी एगंततो न संभवइ । सामन्ना बहुमज्झे, मासं पडियं जहा दट्ठुं ।।
अत्थस्स वि उवलंभे, अक्खरलद्धी न होइ सव्वस्स । पुव्वोवलद्धमत्थे, जस्स उ नामं न संभरति ।।
सारिक्ख-विवक्खेहि य, लभति परोक्खे वि अक्खरं कोइ ।
सबलेर-बाहुलेरा, जह अहि-नउला य अणुमाणे ।।
एगत्थे उवलद्धे, कम्मि वि उभयत्थ पच्चओ होइ । अस्सतरि खरस्साणं, गुलदहियाणं सिहरिणीए ।।
पुव्वं पि अणुवलद्धो, घिप्पइ अत्थो उ कोइ ओवम्मा । जह गोरेवं गवयो, किंचिविसेसेण परिहीणो ।।
अत्तागमप्पमाणेण, अक्खरं किंपि अविसयत्थे वि । भवियाभविया कुरवो, नारग दियलोय मोक्खो य ।।"

આ ગાથાઓનો સામાન્ય અર્થ –

ઉપલબ્ધ્યક્ષર બે પ્રકારનો હોય છે – સામાન્ય લબ્ધ્યક્ષર અને વિશેષ લબ્ધ્યક્ષર. સામાન્ય લબ્ધ્યક્ષર એટલે ઇંદ્રિય અને મનના નિમિત્તે જે વસ્તુનું પ્રત્યક્ષજ્ઞાન જન્મે, તે જ વસ્તુના વિષયમાં કોઈકને લબ્ધ્યક્ષર- અક્ષરાત્મક બોધ જન્મે છે. ક્યારેક લિંગના આધારે પણ આવો અક્ષરાત્મક બોધ જન્મતો હોય છે. લિંગના આધારે જન્મતો આવો બોધ 'અનુ-માન' કહેવાય છે. આ સામાન્ય લબ્ધ્યક્ષરમાં જે જે ઇંદ્રિય કે મનના નિમિત્તે લબ્ધ્યક્ષર જન્મે તે તેનો લબ્ધ્યક્ષર કહેવાય છે. એ સિવાય તેમાં વિશેષ કોઈ ભેદ હોતો નથી. પણ જે અર્થનો આપણે વર્તમાન કાળે સાક્ષાત્કાર નથી કરી રહ્યા અને તેમ છતાં તેને વિષય બનાવનારું અક્ષરશ્રુત જન્મે તે વિશેષ લબ્ધ્યક્ષર ગણાય છે. આ વિશેષ લબ્ધ્યક્ષરના પાંચ પ્રકાર છે –

૧. **સાદૃશ્ય** – દેખાતા અર્થના સાદૃશ્ય, સપક્ષતા વગેરેના આધારે જે અર્થ નથી દેખાઈ રહ્યો તે અર્થના વિષયમાં જે અક્ષરશ્રુત જન્મે તે. જેમ કે એક ભાઈને જોઈને બીજો ભાઈ યાદ આવે. ૨. **વિપક્ષતા** – દેખાતા અર્થના વૈસદૃશ્ય, વિપક્ષતા વગેરેથી જે અર્થ નથી દેખાઈ રહ્યો તે અર્થના વિષયમાં જે અક્ષરશ્રુત જન્મે તે. જેમ કે સર્પને જોઈને નોળિયાનું અનુમાન થાય. ૩. **ઉભય** – ઉભયાત્મક એક અર્થના પ્રત્યક્ષથી તે અર્થ જે ઉભય સાથે સંબંધ ધરાવે છે તે પરોક્ષ રહેલા ઉભયના વિષયમાં અક્ષરશ્રુત જન્મે. જેમ કે ખચ્ચરને જોઈને અશ્વ અને ગર્દભનો પ્રત્યય થાય.[2] ૪. **ઉપમાન** – ઉપમા દ્વારા પૂર્વે ન જોયેલા અર્થમાં પણ અક્ષરનો લાભ થાય. જેમ કે 'જેવી ગાય તેવો ગવય' એમ જેને કહેવામાં આવ્યું છે

[2] જો કે *બૃહત્કલ્પ-બૃહદ્ભાષ્ય* માં ઉભયનો અર્થ થોડોક જુદી રીતે વર્ણવાયો છે - "उभयत्थे उवलद्धे, कत्थइ एगत्थ पच्चतो होति । खर-वलवा अस्सतरे, गुलदधिएहिं सिहरिणीए ।।" આનો મતલબ એ થાય કે ઉભયના દર્શનને લીધે તે ઉભયથી જન્ય એકનો અક્ષરાત્મક બોધ થાય તે. જેમ કે અશ્વ અને ગર્દભને જોઈને ખચ્ચરનો પ્રત્યય થવો.

તેવી વ્યક્તિને ક્યારેક ગવય જોવા મળે તો તેનું ગાય સાથેનું સાદૃશ્ય જોઈને 'આ ગવય છે' તેવો બોધ થાય. ૫. **આગમ** – આપ્તપુરુષનાં વચનો દ્વારા દેવલોક, મોક્ષ જેવા અજ્ઞાત અર્થમાં પણ અક્ષરશ્રુત જન્મે.

ક્યારેક આપણને અર્થનો બોધ થવા છતાં પણ તે અર્થના વિષયમાં અક્ષરાત્મક બોધ નથી થતો. આવું બને તેને અક્ષરની અનુપલબ્ધિ કહેવાય છે. આ અનુપલબ્ધિના ત્રણ પ્રકાર છે –

૧. **અત્યન્ત-અનુપલબ્ધિ** – જે વસ્તુને આપણે ક્યારેય જોઈ જ ન હોય તે વસ્તુનું જ્ઞાન થવા છતાં, તદ્‌વિષયક અક્ષરાત્મક બોધ ન જન્મે. ૨. **સામાન્ય-અનુપલબ્ધિ** – ઘણી બધી વસ્તુઓ ભેગી પડી હોય અને તેને આપણે જોઈએ તો તેમાંની દરેક વસ્તુનું નામ યાદ આવે જ તે જરૂરી નથી. ૩. **વિસ્મૃતિ-અનુપલબ્ધિ** – કોઈક વસ્તુનું નામ ભૂલી જઈએ તો વસ્તુ જોયા પછી પણ તેનો અક્ષરાત્મક બોધ ન થાય.

*વિ.ભાષ્ય* માં આ મતનું ખંડન થયું છે એટલે આપણે જૈન પ્રમાણશાસ્ત્રમાં ઉપમાન, આગમ વગેરે પ્રમાણોના સમાવેશ અંગે નવી જ દિશા દર્શાવતા આ એક મહત્ત્વપૂર્ણ મતને પણ નગણ્ય સમજી લઈએ છીએ. અને એટલે જ આજ સુધી જૈન પ્રમાણશાત્રોમાં કે તેને લગતા અન્ય ગ્રંથોમાં આ મતની નોંધ લગભગ નથી લેવાઈ. ખરેખર જે અપેક્ષાએ *વિ.ભાષ્યકાર* મતનું ખંડન કરે છે તેના કરતાં જુદી જ અપેક્ષા દર્શાવતો આ મત છે.

*વિ.ભાષ્યકાર* સાદૃશ્ય વગેરે પાંચને અનુમાનનાં હેતુભૂત લિંગ તરીકે વર્ણવે છે. અને એથી આ પાંચ ભેદોમાં અન્ય લિંગોનો સમાવેશ થતો ન હોવાથી આ વિભાજનને અવાસ્તવિક ગણાવે છે. પરંતુ, *બૃ.ભાષ્યકારે* આ પાંચને અનુમાનના લિંગ તરીકે વર્ણવ્યાં જ નથી. ઉપરની *બૃહત્કલ્પ-લઘુભાષ્ય* ની ગાથાઓ જોઈશું તો તરત જ સમજાશે કે આ પાંચ અક્ષરશ્રુતની ઉપલબ્ધિના પ્રકારો છે, અનુમાનનાં લિંગ નથી. જુઓ આના સંકેતો –

"सारिक्ख-विवक्खेहि य, लभति परोक्खे वि अक्खरं कोइ।" (ગાથા-૫૦)

અહીં સાદૃશ્ય અને વિપક્ષતાને લીધે પરોક્ષ અર્થની ઉપલબ્ધિ નથી જણાવી, પણ પરોક્ષ અર્થમાં અક્ષરની ઉપલબ્ધિ જણાવી છે.

"एगत्थे उवलद्धे, कम्मि वि उभयत्थ पच्चओ होइ।

अस्सतरि खरस्साणं, गुलदहियाणं सिहरिणीए।।" (ગાથા-૫૧)

અહીં પણ એક અર્થની ઉપલબ્ધિથી ઉભય અર્થની સ્મૃતિ થાય એવી જ વાત છે. ખચ્ચરને જોઈને અશ્વ અને ગર્દભની સ્મૃતિ થાય એને કોઈ શાસ્ત્રકાર 'અનુમાન' નથી જ ગણાવતા. તેથી અત્રે અનુમાનના લિંગ તરીકે ઉભયને સમજી શકાય જ નહિ.

વળી, *બૃહત્કલ્પ-બૃહદ્‌ભાષ્ય* – ગાથા-૫૪ થી તો આ વાત તદ્દન સ્પષ્ટ થઈ જ જાય છે કે અત્રે અનુમાનથી પરોક્ષ અર્થની ઉપલબ્ધિની વાત છે જ નહિ, પણ અર્થની ઉપલબ્ધિ બાદ અક્ષરશ્રુત ઉપલબ્ધ થાય કે નહિ તેની જ વાત છે. જુઓ–

"उस्सण्णेण असण्णीण, अत्थलंभे वि अक्खरं नत्थि। अत्थो च्चिय सण्णीणं, तु अक्खरं णिच्छए भयणा।।"

આનો અર્થ એ છે કે અસંજ્ઞી જીવોને અર્થ ઉપલબ્ધ થાય તો પણ અક્ષરશ્રુત એકાંતે નથી જ સંભવતું. અને (વ્યવહારનયની અપેક્ષાએ સંજ્ઞીજીવોને અર્થની ઉપલબ્ધિ થતાંની સાથે જ અક્ષરાત્મક બોધ થઈ જ જાય એવો નિયમ હોવા છતાં,) નિશ્ચયનયની અપેક્ષાએ સંજ્ઞી જીવોને પણ અર્થ ઉપલબ્ધ થાય એટલે અક્ષરશ્રુત ઉપલબ્ધ થઈ જ જાય એવો નિયમ નથી, પણ ક્યારેક થઈ પણ શકે છે.

ટૂંકમાં, *વિ.ભાષ્યકાર* જેને અનુમાનનાં લિંગ તરીકે વર્ણવે છે, તે ખરેખર અનુમાનનાં લિંગ છે જ નહીં. એ તો અક્ષરશ્રુતની ઉપલબ્ધિના પ્રકારો છે. આપણને ઇંદ્રિયો અને મન દ્વારા પ્રત્યક્ષજ્ઞાન થાય કે અનુમાનથી જે અર્થ જણાય, તેમાં તે તે જ્ઞાનના પોતાના વિષયમાં જે અક્ષરાત્મક બોધ જન્મે, તે વિશેનું નિરૂપણ *બૃહત્કલ્પ-બૃહદ્‌ભાષ્ય* ની ગાથા-૪૪ માં "लद्धी पंचविगप्पा, जस्सुवलब्भो उ जो अत्थो।" એવા ઉત્તરાર્ધમાં મળે છે. આનો સામાન્ય અર્થ આમ થાય છે – જે ઇંદ્રિયથી જે અર્થ ઉપલબ્ધ થાય તે અર્થનો જે અક્ષરાત્મક બોધ જન્મે છે, તે લબ્ધ્યક્ષર કહેવાય છે અને

તે પાંચ પ્રકારનો છે. આમાં ઉપલક્ષણથી મનોવ્યાપારના વિષયભૂત અર્થનો પણ સમાવેશ થાય છે.[3] એટલે માનસપ્રત્યક્ષ, અનુમાન વગેરે મનોવ્યાપારથી જે અર્થ-ઉપલબ્ધિ થાય તે વિષયમાં પણ જે અક્ષરાત્મક બોધ જન્મે, તે પણ લબ્ધ્યક્ષર જ કહેવાય છે.

પરંતુ, લબ્ધ્યક્ષરની ઉપર જે વ્યાખ્યા વર્ણવી તેમાં સઘળાયે અક્ષરાત્મક બોધનો સમાવેશ નથી થતો. એટલે *બૃહત્કલ્પ-લઘુભાષ્યકારે* અક્ષર-ઉપલબ્ધિના સાદૃશ્ય વગેરે અન્ય પાંચ પ્રકારો પણ વર્ણવ્યા છે. પણ *વિ.ભાષ્યકાર* આ પાંચને અક્ષર-ઉપલબ્ધિના પાંચ પ્રકારો ગણવાને બદલે અર્થ-ઉપલબ્ધિનાં પાંચ લિંગ ગણે છે અને એ રીતે એનું ખંડન કરે છે એ કેટલું આશ્ચર્યજનક છે !

બીજું, આ પાંચ પ્રકાર માનવામાં *વિ.ભાષ્યકારે* પુનરુક્તતા, અસર્વસમાવેશ અને નિરર્થકતા એવા જે ત્રણ દોષો જણાવ્યા છે તેની સંગતિ કરવી પણ મુશ્કેલ લાગે છે. કેમ કે એ દોષો આ પાંચને અનુમાનનાં લિંગ ગણીએ તો જ ઘટે છે, જેનો અક્ષર-ઉપલબ્ધિના પાંચ પ્રકારોમાં સંભવ જ નથી. વળી, सारिक्खથી જે સૂચવાય છે તેમાં અને ઉપમાનગત-સાદૃશ્યમાં મોટો તફાવત હોવાથી પુનરુક્તતા દોષ પણ અત્રે આવતો નથી.

વસ્તુતઃ વિપક્ષતાના પ્રતિપક્ષમાં મૂકાયેલો सारिक्ख શબ્દ સાદૃશ્ય, સ્વારસ્ય, સપક્ષતા, અવિપરીતતા જેવા ઘણા ભાવોનો સૂચક છે. અને એ જ રીતે विवक्ख પણ એના વિરોધી એવા ઘણાબધા ભાવોનો સૂચક બને છે. જુઓ *બૃહત્કલ્પ-બૃહદ્ભાષ્ય* માં કરાયેલું આ પદોનું વિવરણ –

सारिक्खेणुवलद्धी, होति परोक्खे वि कासइ णियमा । जह सबलेरसरिसतो, कधितो व इमो हु बहुलेरो ।।
होतुवलद्धी विवक्खे, पुव्वमदिट्ठे वि दट्ठुं जुज्झंतं । अहिणा सद्धिं णउलं, णउलेसो जेण अहि-णउलो ।।

આમાં સર્પ અને નોળિયા વચ્ચે વિપક્ષતાની જ વાત છે. તો એનો પ્રતિપક્ષ સાદૃશ્ય થશે કે સપક્ષતા ? વસ્તુતઃ કોઈક પદાર્થનો બોધ થાય એટલે એની સાથે અવિપરીત કે વિપરીત સંબંધે જોડાયેલા ઘણાબધા પદાર્થોની સ્મૃતિ અને એ સ્મૃતિસ્થ પદાર્થોનો અક્ષરાત્મક બોધ થાય છે તે આપણો રોજિંદો અનુભવ છે. જેમ કે રામને જોઈને લક્ષ્મણ અને રાવણ બન્નેની સ્મૃતિ અને તદ્વિષયક અક્ષરાત્મક બોધ સંભવી શકે છે. એ જ રીતે કોઈક પદાર્થને જોઈને તેની કારણસામગ્રીની સ્મૃતિ થાય અને તદ્વિષયક અક્ષરાત્મક બોધ થાય એ પણ તદ્દન સ્વાભાવિક બાબત છે. આ ત્રણે પ્રકારનું અક્ષરશ્રુત, જેનો સાક્ષાત્ બોધ થયો છે તે પદાર્થનું તો નથી જ. એટલે ઇન્દ્રિય અને મનથી ગૃહીત પદાર્થનો અક્ષરાત્મક બોધ એ લબ્ધ્યક્ષર એવી વ્યાખ્યામાં આ ત્રણે અક્ષરાત્મક બોધનો સમાવેશ થતો ન હોવાથી એનું અલગ નિરૂપણ થયું છે. આમાં નિરર્થકતાનો સવાલ જ ક્યાં રહે છે ?

જો કે *બૃ.ભાષ્ય* – ગાથા-૫૦ માં सबलेर-बाहुलेरा, जह अहि-नउला य अणुमाणे । એ પંક્તિમાં અનુમાન શબ્દ પ્રયોજાયો હોવાથી અત્રે અનુમાનની જ કોઈ વાત છે એમ સંશય થઈ શકે. પણ વાસ્તવમાં એ ‘જેમ શાબલેયના સાહચર્યથી બાહુલેયનું અને સર્પની વિપક્ષતાથી નોળિયાનું અનુમાન કરીએ છીએ તેમ અત્રે પણ સમજવાનું છે’ એમ સૂચવનારું ઉદાહરણ વાક્ય છે. એટલે તેના આધારે આ અનુમાનનાં લિંગની જ વાત છે એમ નિશ્ચય કરી શકાય નહીં.

આ પછીનો ચોથો પ્રકાર ઉપમાન પ્રમાણથી સંજ્ઞા-સંજ્ઞી-સંબંધના બોધ દ્વારા જે અક્ષરશ્રુત જન્મે તેનો સંગ્રહ કરે છે. અને પાંચમો પ્રકાર આગમપ્રામાણ્યથી જ્ઞાત-અજ્ઞાત વસ્તુવિષયક જે શ્રુતજ્ઞાન જન્મે છે તેનો સમાવેશ કરે છે. આપણને થતો સઘળોયે શાસ્ત્રબોધ આ પાંચમા પ્રકારમાં પ્રાયઃ સમાય છે.

આ રીતે જોઈએ તો लद्धी पंचविगप्पा, जस्सुवलब्भो उ जो अत्थो એ વિધાનથી સૂચિત પ્રક્રિયામાં અને વિશેષ-ઉપલબ્ધિના આ પાંચ પ્રકારોમાં સઘળોયે અક્ષરાત્મક બોધ સમાઈ જાય છે. તેથી *વિ.ભાષ્યકારે* અને તેના વૃત્તિકાર ભગવંતે દર્શાવેલી અસર્વ-સમાવેશની આપત્તિ અત્રે આવતી જ નથી. એ જ રીતે અક્ષરશ્રુતના સ્પષ્ટીકરણ માટે આ પાંચ વિશેષ-ઉપલબ્ધિનું નિરૂપણ જરૂરી હોવાથી નિરર્થકતા પણ નથી. અને સાદૃશ્યથી સૂચિત અક્ષરશ્રુતની ઉપલબ્ધિ તથા ઉપમાનપ્રમાણ વચ્ચે ઘણો મોટો તફાવત હોવાથી પુનરુક્તિ દોષ પણ નથી.

હવે અનુપલબ્ધિની વાત વિચારીએ. આપણે પહેલાં જોયું તેમ, અત્રે વર્ણિત ત્રણ અનુપલબ્ધિ, પ્રત્યક્ષ કે પરોક્ષ જ્ઞાન થવા છતાં અક્ષરાત્મક બોધ ન જન્મે, તેમાં ક્યાં ક્યાં કારણ હોઈ શકે તે જણાવે છે. પદાર્થબોધ થવા છતાં

[3] उपलक्षणमेतत्, तेन षष्ठं नोइन्द्रियलब्ध्यक्षरमप्यवगन्तव्यम् । (*બૃહત્કલ્પ-લઘુભાષ્ય -મલયગિરીયા* વૃત્તિ)

અક્ષરાત્મક બોધ ન થવાનાં તમામ કારણોનો આ નિરૂપણમાં સમાવેશ થઈ જ જાય છે. કેમ કે આમ થવામાં, નામ ખબર જ ન હોય, નામ ભૂલી જવાયું હોય કે ઘણીબધી વસ્તુ ભેગી પડી હોવાથી દરેક વસ્તુનો સ્વતંત્ર બોધ ન થાય તે ત્રણ જ કારણ હોઈ શકે. એટલે *બૃ.ભાષ્યકાર*ની આ પ્રરૂપણા વાજબી જ છે. પરંતુ *વિ.ભાષ્યકાર*અને તેના *વૃત્તિકાર*ભગવંત આ અક્ષર-અનુપલબ્ધિનાં કારણોને અર્થની અનુપલબ્ધિનાં કારણો ગણે છે. અને એટલે *સાંખ્યકારિકા* જેવાં સ્થળે નિરૂપિત અર્થની અનુપલબ્ધિનાં અતિસન્નિકૃષ્ટત્વ, અતિવિપ્રકૃષ્ટત્વ વગેરે કારણોનો અત્રે સમાવેશ ન હોવાની આપત્તિ દર્શાવી આ નિરૂપણને અયોગ્ય જણાવે છે ! અહો આશ્ચર્યમ્ !

નિષ્કર્ષ – *શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણ* અને *મલધારી શ્રીહેમચંદ્રાચાર્ય* ના નિરૂપણને અનુસરીને જો આપણે વિશેષ-ઉપલબ્ધિના પાંચ પ્રકારોને અનુમાનનાં લિંગ ગણીએ અને અનુપલબ્ધિનાં ત્રણ કારણોને અર્થની અનુપલબ્ધિનાં નિમિત્ત સમજીએ તો આ પ્રરૂપણા ચોક્કસ અમાન્ય બને છે. પરંતુ, *શ્રીસંઘદાસગણિ ક્ષમાશ્રમણ*અને *બૃહત્કલ્પલઘુભાષ્ય* ના વૃત્તિકારોના નિરૂપણને અનુસરીને જો આપણે એને અક્ષર-ઉપલબ્ધિ તેમ જ અક્ષર-અનુપલબ્ધિનાં કારણો તરીકે જોઈએ તો આ પ્રરૂપણા સર્વથા સુસંગત ભાસે છે. – **ત્રૈ.**

* * *

## સોની સંગ્રામસિંહ સાથે સંબંધિત એક હકીકતની ચકાસણી

*જૈન પરંપરાનો ઈતિહાસ* – ભાગ – ૩, પ્રકરણ – ૪૫, પૃષ્ઠ – ૯૫ પર **સોની સંગ્રામસિંહ** વિશે *વીરવંશાવલી* ના આધારે જણાવવામાં આવ્યું છે કે સોની સંગ્રામસિંહ ગૂજરાતમાં વઢિયારના **લોલાડા** ગામનો વતની હતો. તે ત્યાંથી નીકળી પોતાની માતા **દેવા**, પત્ની **તેજા** અને પુત્રી **હાંસી**ને લઈને **માંડવગઢ** ગયો. ત્યાં તેણે દરવાજામાં પેસતાં જ સાપની ફણા પર દુર્ગાને બેઠેલી જોઈ. આ શુકન લઈને તેણે નગરપ્રવેશ કર્યો. એક દિવસ ત્યાંનો બાદશાહ **ગ્યાસુદ્દીન** ગરમીની મોસમમાં રાજવાડીએ ગયો. ત્યાં તેને એક વાંઝિયો આંબો જોઈને તે કાપી નાંખવાની આજ્ઞા આપી. ત્યારે સંગ્રામસિંહે બાદશાહને તે આંબાને અભયદાન આપવાની વિનંતિ કરી અને તે આંબો એક વરસમાં ફળ આપતો થઈ જશે તેવો વાયદો કર્યો. બાદશાહે જો એક વરસમાં આંબો ફળ આપતો ન થાય તો સંગ્રામસિંહને શિરચ્છેદની સજા થશે એવી શરત સાથે તે વાત સ્વીકારી. સોનીએ તે આંબા નીચે સ્નાત્રપૂજા ભણાવી અને આંબાની પણ પૂજા કરી. એટલે આંબાના અધિષ્ઠાયક દેવે પ્રસન્ન થઈને તેને વરદાન આપ્યું. એ વરદાનના પ્રતાપે પછીના વર્ષે એ આંબા પર કેરીઓ આવી. એ કેરીઓ સંગ્રામસિંહે બાદશાહને ભેટ ધરી. એથી રાજી થઈને બાદશાહે એને પોતાના ઘરનો **કામદાર** બનાવ્યો. સોની સંગ્રામસિંહ આ રીતે ખૂબ ધનવાન બન્યો.

વસ્તુતઃ હકીકતોના આધારે જોઈએ તો *શ્રીભગવતીસૂત્ર* સાંભળનાર પ્રસિદ્ધ સંગ્રામસિંહ સોની અને પ્રસ્તુત સંગ્રામસિંહ બે જુદી જ વ્યક્તિઓ જણાય છે. કારણ કે -

૧. પ્રસિદ્ધ સંગ્રામસિંહ સોનીનું મૂળ વતન **લોલાડા** નહિ, પણ **ખંભાત** હતું. અને તેનો પરિવાર તેના પિતા **નરદેવ**ના વખતથી જ માંડવગઢમાં વસ્યો હતો. તેની હકીકત પણ બહુ રોચક છે. **સૂબા દિલાવરખાંના** પુત્ર **હુસંગશાહ ગોરી**એ સં. ૧૪૫૯ માં **માંડવગઢ**માં સ્વતંત્ર ગાદી સ્થાપન કરી. આ હુસંગશાહ એક વખત કોઈક કારણસર બહાર નીકળ્યો હતો ત્યારે તેણે કોઈક ઉત્સવ નિમિત્તે નીકળેલા વરઘોડામાં પહેલાં ઢોલ બજાવનાર ચંડાળો, તેમની પાછળ સ્ત્રીઓ અને તેમની પાછળ પુરુષોને ચાલતા જોયા. તેને આ જોઈને ઘણું આશ્ચર્ય થયું અને તેણે તેની પાસે ઊભેલા અધિકારીને પૂછ્યું કે “આ લોકો આવું વિપરીત વર્તન કેમ કરે છે ?”. જવાબ મળ્યો કે “આ લોકો વિવેકી નથી, માટે પોતાને જેવું આવડે તે પ્રમાણે કર્યા કરે છે”. આ સાંભળીને બાદશાહે કહ્યું કે “તો પછી બહારથી કોઈક વિવેકી મનુષ્યને બોલાવીને આપણા દેશમાં પધરાવો, જેથી તેના સત્સંગથી આ લોકો વિવેકી બને”. તેથી તે અધિકારીએ ખંભાતના વૃદ્ધ શ્રેષ્ઠી નરદેવ સોનીને કુટુંબસહિત બોલાવીને પોતાને ત્યાં સ્થાપ્યા. અવસરે બાદશાહ સાથે નરદેવ સોનીનો મેળાપ થતાં તેમના ગુણોથી અતિશય રાજી થયેલા બાદશાહે તેમને પોતાના કોશાધિકારી બનાવ્યા. આ સઘળીયે હકીકત સંગ્રામસિંહે ઉજ્જયંતગિરિ પર બંધાવેલા શ્રીનેમિનાથ જિનાલયની *શ્રીજ્ઞાનસાગરસૂરિ*રચિત પ્રશસ્તિમાં નોંધાયેલી છે.

આ પ્રશસ્તિમાં સોની સાંગણથી શરુ કરીને સંગ્રામસિંહ સોનીના ઉજ્જ્વળ વંશને સંબંધિત અનેક હકીકતો નોંધાયેલી છે. (આ પ્રશસ્તિ અને તેના ઐતિહાસિક સારદોહન માટે જુઓ – અનુસંધાન – ૬૩, પૃષ્ઠ – ૧૫૫-૧૮૩) કહેવાનો અર્થ એ છે કે પ્રસિદ્ધ સંગ્રામસિંહ સોની નરદેવના વખતથી માંડવગઢમાં જ રહેતા હતા. એટલે તે બહારથી આવીને માંડવગઢમાં વસ્યા એવો *વીરવંશાવલી* નો ઉલ્લેખ ભ્રાંત જણાય છે.

૨. પ્રસિદ્ધ સંગ્રામસિંહ સોનીની માતાનું નામ અનેક ઠેકાણે 'સોનાઈ' જણાવાયું છે. તેમની પાંચ પત્નીનાં નામ પણ અનુક્રમે વિનયવતી, સહજલદે, ગુરાઈ, રત્નાઈ અને શૃંગારદે હતાં. એટલે માતા દેવાનો પુત્ર અને તેજાનો પતિ સંગ્રામસિંહ કોઈક જુદી જ વ્યક્તિ હોઈ શકે.

૩. ઉપર જોયું તેમ સંગ્રામસિંહના પિતા સોની નરદેવ પોતે બાદશાહ હુસંગશાહના ખજાનચી હતા. અને તે બાદશાહના અનુગામી **મહમૂદ ખિલજી** (અપરનામ – આલમશાહ ગોરી) ના વખતમાં સંગ્રામસિંહ સોની પોતે તેના ખજાનચી બન્યા હતા. વળી, ઉપર કથામાં જેનો નિર્દેશ છે તે બાદશાહ **ગ્યાસુદ્દીન**ના વખતમાં તો પ્રસિદ્ધ સંગ્રામસિંહ સોની નકદ-ઉલ-મુલ્ક (-દીવાન જેવું પદ), શૌલ્કિક અને ખજાનચી – એમ માંડવગઢના રાજ્યના ત્રણ ત્રણ મહત્ત્વપૂર્ણ હોદ્દાઓ ધરાવતા હતા. તેથી ગ્યાસુદ્દીન પાસે એમણે કામદાર જેવું પદ મેળવવાની કોઈ જરૂર જ ન હતી. એટલે બાદશાહ ગ્યાસુદ્દીને ખુશ થઈને જેને કામદાર બનાવ્યો તે સંગ્રામસિંહ કોઈ અલગ વ્યક્તિ જ હોવો જોઈએ.

૪. સંગ્રામસિંહ સોની પર માંડવગઢના રાજ્યનો બધો મદાર છે એમ ગ્યાસુદ્દીન સમજતો હતો અને તેથી જ તેણે સંગ્રામસિંહને પોતાના સત્તારોહણના વર્ષ સં. ૧૫૨૫ માં જ ઉપરોક્ત ત્રણે મહત્ત્વપૂર્ણ હોદ્દા અર્પણ કર્યા હતા તેવું ઉપરોક્ત પ્રશસ્તિમાં સ્પષ્ટ કથન છે. તો એક આંબાને લગતી વાતમાં બાદશાહ એ સંગ્રામસિંહને મારી નાંખવાની વાત કરે તે શક્ય છે ?

૫. પ્રસિદ્ધ સંગ્રામસિંહ સોનીના સ્વરચિત *બુદ્ધિસાગર* ગ્રંથમાં કે ઉપર જેના અંગે વાત કરી છે તે પ્રશસ્તિમાં કે એવા અન્ય કોઈપણ ઐતિહાસિક સાધનમાં *વીરવંશાવલીકાર* ના ઉલ્લેખને પુષ્ટ કરે તેવો પુરાવો જડતો નથી. એટલે પણ સમજાય છે કે આંબાવાળી કથામાં આવતો સંગ્રામસિંહ પ્રસિદ્ધ સંગ્રામસિંહ સોનીથી ભિન્ન વ્યક્તિ છે.

આમ સમગ્ર દૃષ્ટિએ વિચારતાં એમ જણાય છે કે, આંબાવાળી વાત લોલાડાના સંગ્રામસિંહની જ છે. પણ નામસામ્ય, ઘટનામાં માંડવગઢ અને ગ્યાસુદ્દીનની હાજરી વિગેરે કારણોને લીધે પ્રસિદ્ધ સંગ્રામસિંહ સોની સાથે જોડાઈ ગઈ હશે. અને એ ભ્રાંત ધારણાને આધારે વીરવંશાવલીમાં તેમ જ *જૈન પરંપરાનો ઈતિહાસ* માં પ્રસિદ્ધ સંગ્રામસિંહ સોનીના ચરિત્રમાં આ ઘટનાનો ઉલ્લેખ થયો હશે. (એ જ રીતે ઉપાધ્યાય *શ્રીભાનુચંદ્રજી* ના શિષ્ય *શ્રીભાણચંદ્રજી* એ રચેલી 'સંગ્રામ સોનીની સજ્ઝાય' માં પણ આ કથા જોડાઈ જવામાં એ જ કારણ જણાય છે.)

*જૈન પરંપરાનો ઈતિહાસ* માં પ્રસિદ્ધ સંગ્રામસિંહ સોની અંગે નોંધાયેલી બીજી પણ ઘણી બધી હકીકતો પુનર્વિચાર માંગે છે. જેમ કે –

૧. ભાગ – ૩, પૃષ્ઠ – ૯૧ પર સંગ્રામસિંહ સોનીના પૂર્વજ સોની સાંગણ સં. ૧૩૫૪ આસપાસ અલ્લાઉદ્દીન ખિલજીના સમયમાં માંડવગઢમાં આવીને વસ્યા એમ નોંધાયું છે. પણ વાસ્તવમાં આપણે ઉપર જોયું તેમ સોની સાંગણના પરિવારનું સ્થાનાંતર તે વખતે નહિ, પણ સાંગણની છટ્ઠી પેઢીએ સોની નરદેવના વખતમાં થયું છે.

૨. ભાગ – ૩, પૃષ્ઠ – ૯૧ પર સોની નરિયાને લગતો એક પ્રતિમાલેખ સોની નરદેવ સાથે સંબંધિત હોવાનું ધારીને પ્રકાશિત કરવામાં આવ્યો છે. પણ એ સોની નરિયા પ્રસ્તુત સોની નરદેવથી જુદી જ વ્યક્તિ હોવાનું તે લેખમાં નોંધાયેલા પરિવારજનોનાં નામ પરથી સ્પષ્ટપણે જણાય છે.

૩. ભાગ – ૩, પૃષ્ઠ – ૯૪ પર સંગ્રામસિંહને ગુરાઈ અને રત્નાઈ એમ બે પત્ની હોવાનું નોંધાયું છે. પણ સંગ્રામસિંહને વાસ્તવમાં ઉપર જોયું તેમ પાંચ પત્ની હતી. તેમાંથી સહજલદેના શ્રેય માટે તો તેમણે ગિરનાર પર વિમલનાથના ચૈત્યમાં દેવકુલિકા પણ બનાવી હતી એમ પ્રશસ્તિમાં નોંધ મળે છે. – **ત્રૈ.**

* * *

# પત્રચર્ચા

**(મુનિ શ્રીસુવ્રતચંદ્રવિજયજીએ** (ડહેલાવાળા-સમુદાય) **શ્રુતસંવિભાગ – ૫** - 'અવ્યવહારરાશિ-વ્યવહારરાશિ અંગે થોડોક વિમર્શ' એ લેખ સંદર્ભે થોડીક જિજ્ઞાસાઓ લખી જણાવી છે.)

**?** અત્યારે વ્યવહારરાશિમાં જેટલા ભવ્ય જીવો છે તે બધા ભવ્ય જીવો અનાદિ-અનંત, અનાદિ-સાંત, સાદિ-અનંત અને સાદિ-સાંત એ ચાર ભાંગામાંથી કયા કયા ભાંગે હોય ? જો સાદિ-સાંત ભાંગે હોય તો તેનો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી કાળ કેટલો ? વળી, 'સાદિ'વાળા બન્ને ભાંગામાં સાદિત્વ વ્યવહારરાશિમાંથી સિદ્ધિગતિને વરેલા અન્ય જીવોને અનુલક્ષીને જ સમજવાનું ?

**?** સિદ્ધના જીવો, વ્યવહારરાશિના જીવો અને અવ્યવહારરાશિના જીવો – આ બધાનું અલ્પ-બહુત્વ શું ?

**?** વ્યવહારરાશિમાં જાતિભવ્ય જીવો હોય કે નહીં ?

**?** સિદ્ધના જીવોની સંખ્યાથી બાદરનિગોદના અને સૂક્ષ્મનિગોદના દરેક શરીરમાં રહેલા જીવોની સંખ્યા અનંતગુણ જ હોય ?

**?** બાદરનિગોદના એક શરીરમાં રહેલા જીવોની સંખ્યા અને સૂક્ષ્મનિગોદના એક શરીરમાં રહેલા જીવોની સંખ્યામાં પરસ્પર કેટલો તફાવત હોય ? એ જ રીતે બાદરનિગોદના દરેક શરીરમાં રહેલા જીવોની સંખ્યામાં પણ પરસ્પર અને સૂક્ષ્મનિગોદના દરેક શરીરમાં રહેલા જીવોની સંખ્યામાં પણ પરસ્પર શું તફાવત હોય ? આ બધે ઠેકાણે ષટ્સ્થાન હાનિ-વૃદ્ધિ સમજવાની છે ?

(એ પછી તેઓએ એ જ લેખ સંદર્ભે એક બીજો પણ પત્ર પાઠવ્યો છે.)

જો બાદર નિગોદના જીવોને માત્ર વ્યવહારરાશિમાં જ માનવામાં આવે તો –

૧. નિગોદની અઢી પુદ્ગલપરાવર્ત કાળની સ્વકાયસ્થિતિ જણાવવામાં આવે છે. પણ આટલા કાળમાં બાદર નિગોદના એક અનંતમા ભાગના જીવો જ પોતાની સ્વકાયસ્થિતિ પૂરી કરીને નિગોદ સિવાયની અવસ્થાને પ્રાપ્ત કરશે તેવી આપત્તિ આવશે. કારણ કે સમયે-સમયે વધારેમાં વધારે અસંખ્ય જીવો જ નિગોદમાંથી નીકળીને નિગોદ સિવાયની પ્રત્યેક શરીરી અવસ્થાને પ્રાપ્ત કરી શકે છે. તે પણ એટલા માટે કે નિગોદ સિવાયના સંસારી જીવો અસંખ્યાતા જ છે. અને *પ્રજ્ઞાપનાસૂત્ર* ના અલ્પબહુત્વ પ્રમાણે સિદ્ધના જીવોથી બાદર નિગોદના જીવો અનંતગુણ છે.

૨. આ પ્રમાણે *પ્રજ્ઞાપનાસૂત્ર* (સૂત્ર-૭૬) અને *કાયસ્થિતિસ્તોત્ર* માં જણાવ્યા મુજબ વનસ્પતિકાય, એકેંદ્રિય, અસંજ્ઞી, નપુંસક અને તિર્યંચગતિની એક આવલિકાના અસંખ્યાતમા ભાગના સમયો જેટલા અસંખ્ય પુદ્ગલપરાવર્તની સ્વકાયસ્થિતિમાં પણ બાદર નિગોદના બધા જીવો પોતાની સ્વકાયસ્થિતિ પૂરી નહીં કરી શકે એવી આપત્તિ આવશે.

૩. વ્યવહારરાશિમાં પણ સિદ્ધના જીવોથી અનંતગુણા અનાદિ નિગોદના જીવોને માનવાની આપત્તિ આવશે. કારણ કે સિદ્ધના જીવોથી બાદર નિગોદના જીવો અનંતગુણ છે. અને તેથી વ્યવહારરાશિમાં રહેલા ભવ્યજીવોનો અનંતમો ભાગ જ સિદ્ધ થઈ શકશે એવી આપત્તિ આવશે. અને એટલે વ્યવહારરાશિમાં પણ જાતિભવ્ય જીવો માનવાની આપત્તિ આવશે.

૪. એક જીવ સિદ્ધિગતિ પામે એ નિમિત્તે એક જીવ અવ્યવહારરાશિમાંથી બહાર આવે છે એવી પ્રરૂપણા પણ હવે સંગત નહીં બને. કેમ કે સિદ્ધના જીવો કરતાં વ્યવહારરાશિમાં રહેલા જીવો અનંતગુણ છે અને એ અનંતગુણ જીવો સિદ્ધિગતિ-ગમનની અપેક્ષા વગર જ બહાર આવ્યા છે એમ સ્વીકારવું પડશે. તેથી સિદ્ધના જીવોથી અનંતગુણા જીવો અનાદિકાળથી વ્યવહારરાશિમાં જ છે એમ સ્વીકારવું પડશે.

આ બધી આપત્તિઓથી બચવા માટે બાદર નિગોદને અવ્યવહારરાશિમાં જ સમાવવી જરૂરી બને છે. પણ એવી પ્રરૂપણા કરનારા પૂર્વપક્ષનું નિરસન કરીને *ધર્મપરીક્ષા* ગ્રંથમાં ઉપાધ્યાયજી ભગવંતે બાદરનિગોદને વ્યવહારરાશિ-અંતર્ગત સિદ્ધ કરી છે. તો આ આપત્તિઓનું સમાધાન શું હોઈ શકે ?

[*જૈનયુગ*, પુસ્તક – ૧, અંક – ૨, પ્ર. – સં.૧૯૮૧-આશ્વિન માસ, પૃષ્ઠ – ૫૯-૬૦ માં *શ્રીવિજયસેનસૂરિજી* મહારાજે પ્રસાદી કરેલા દશ બોલ પ્રકાશિત થયા છે. જેમાં ૮ મો બોલ આમ છે – "તથા *શ્રીહીરવિજયસૂરિ* પ્રમુખ ઈમ કહઈ છઈ જે અનાદિ સૂક્ષ્મ નિગોદીયા જીવનઈ અવ્યવહારીયા કહઈ, બીજા સર્વ જીવનઈ વ્યવહારીયા કહઈ. અનઈ સાગર તુ ઈમ કહઈ છઈ જે સૂક્ષ્મનિગોદ, બાદરનિગોદ, સૂક્ષ્મપૃથ્વીકાય, સૂક્ષ્મઅપ્કાય, સૂક્ષ્મતેજકાય, સૂક્ષ્મવાઉકાય – એ છ પ્રકારના જીવનઈ અવ્યવહારીયા કહીઈ. જે કોઈ એકલા સૂક્ષ્મનિગોદના જીવનઈ અવ્યવહારીયા કહઈ છઈ તે સઘલા અજ્ઞાની જાણવા. એવું પોતાના શાસ્ત્રમાંહિ પણિ સાગરિ લખ્યું છઈ." – આ બોલના આધારે સ્પષ્ટ થાય છે કે બાદરનિગોદ અવ્યવહારરાશિ-અંતર્ગત થાય છે તેવી પ્રરૂપણા પૂજ્ય ઉપાધ્યાય *શ્રીધર્મસાગરજી* મહારાજની હતી. અને તેના પ્રતિપક્ષમાં ફક્ત *શ્રીયશોવિજયજી* ભગવંત જ નહીં, પણ *શ્રીહીરવિજયસૂરિજી, શ્રીવિજયસેનસૂરિજી* જેવા ગચ્છપતિ આચાર્યો પણ બાદરનિગોદને વ્યવહારરાશિ-અંતર્ગત જ સમજતા હતા તેમ જ તેમનો સઘળો શિષ્યપરિવાર પણ એવી જ પ્રરૂપણા કરતો હતો. એટલે આ વાત પર બહુ જ ગંભીરતાથી ચિંતન કરવાની જરૂર લાગે છે. – **સં.**]

(**શ્રુતસંવિભાગ** – ૨ માં થયેલી દેલવાડાસ્થિત લૂણવસહી અંગેની ચર્ચા સંબંધે-)

દેલવાડાસ્થિત લૂણવસહીમાં દેરાણી-જેઠાણીના ગોખલા તરીકે પ્રસિદ્ધ ગોખલાઓ પર મંત્રીશ્વર વસ્તુપાલનાં બે પત્ની અનુક્રમે લીલાદેવી અને સોખુદેવીનો ઉલ્લેખ છે. બે શોક્યોના શ્રેયાર્થે બનેલા ગોખલા પાછળથી દેરાણી-જેઠાણીના ગોખલા તરીકે કોઈ પણ રીતે પ્રસિદ્ધ થયા છે – **પૂ. આ. શ્રીમુનિચંદ્રસૂરિજી** (શ્રીૐકારસૂરિ-સમુદાય)

**श्रुतसंविभाग** – ४ में जिज्ञासा व्यक्त की गई थी कि हरिणैगमेषी देव को वैक्रिय शरीर बनाने हेतु दो बार समुद्घात क्यों करना पडता है ? इसके समाधान में इस परिपत्र के संकलनकार ने यह बताया था कि पहली बार समुद्घात से जो पुद्गल ग्रहण किये जाते हैं, उनमें से असार पुद्गलों का त्याग किया जाता है। उसके बाद दूसरे समुद्घात में शेष रहे सारभूत पुद्गलद्रव्यों से इष्ट रूप का निर्वर्तन किया जाता है। अतिविशिष्ट वैक्रिय शरीर की रचना करते वक्त शायद दो बार समुद्घात की प्रक्रिया करना आवश्यक होगा।

अभी इस समाधान की पुष्टि करे ऐसा एक संदर्भ देखने में आया। *आवश्यकसूत्र* के विवरण में दिक्कुमारी-महोत्सव के वर्णन में *श्रीमलयगिरिसूरिजी* बताते हैं कि –

"यथाबादरानसारान् पुद्गलान् परिशातयन्ति तथा सूक्ष्मान् सारान् पुद्गलान् पर्यादाय चिकीर्षितरूपनिर्मापणार्थं द्वितीयमपि वारं वैक्रियसमुद्घातेन समवहन्यते ।।"

- **मुनि श्रीगोयमचंद्रविजयजी** (डहेलावाला-समुदाय)

## જિજ્ઞાસા

**?** *ષોડશક* ગ્રંથમાં નિષ્પન્નયોગી (-કેવલજ્ઞાની) મહાત્માઓમાં મૈત્ર્યાદિ ભાવનાઓનો અભાવ જણાવાયો છે –

एतद्रहितं तु निर्विकल्पसंस्कारेण मैत्र्यादिभावनानाशात् तद्रहितमेव...।।(*ષોડશક* – ૧૩.૧૨ વૃત્તિ)

જ્યારે એ જ ગ્રંથના કરુણાના વર્ણનમાં જે જણાવાયું છે તેના પરથી તો કેવલજ્ઞાની મહાત્માઓને પણ કરુણાનો સદ્ભાવ હોય તેવું ધ્વનિત થાય છે –

या त्वन्यहितेन प्रीतिमत्ता-सम्बन्ध-विकल-सर्वसत्त्वहितेन केवलिनामिव भगवतां महामुनीनां सर्वानुग्रहपराऽनुकम्पा सा चतुर्थी ।। (*ષોડશક* – ૧૩.૯ વૃત્તિ)

*વિશેષાવશ્યકમહાભાષ્ય* માં પણ ગાથા ૧૦૪૭ ની વૃત્તિમાં તીર્થંકર ભગવંતોને અનુકંપાનો સદ્‌ભાવ સ્પષ્ટપણે જણાવાયો છે –

कृतार्था अपि तीर्थकरनामकर्मोदयतः समग्रप्राणिगणानुकम्पापरतया च सद्धर्मदेशकत्वात् तीर्थकराः ।।

તો આમાં પરમાર્થથી શું સમજવું ? – **મુનિ શ્રીહેમનિલયવિજયજી** (શ્રીનીતિસૂરિ-સમુદાય)

**?** *ષોડશક* ગ્રંથમાં આઠમા પ્રતિષ્ઠા-ષોડશકમાં ત્રણ પ્રકારની પ્રતિષ્ઠા અંગે વાત થઈ છે –

व्यक्त्याख्या खल्वेका, क्षेत्राख्या चाऽपरा महाख्या च ।।

વ્યક્તિપ્રતિષ્ઠા – જે તીર્થંકર જ્યારે વર્તમાન શાસનપતિ હોય ત્યારે તેની પ્રતિષ્ઠા કરવી તે. ક્ષેત્રપ્રતિષ્ઠા – ઋષભદેવ વગેરે ૨૪ તીર્થંકરોની પ્રતિષ્ઠા. મહાપ્રતિષ્ઠા – ઉત્કૃષ્ટ કાળમાં થનારા ૧૭૦ તીર્થંકરોની પ્રતિષ્ઠા.

હવે પ્રશ્ન એ થાય છે કે શ્રીસીમંધરસ્વામી આદિ ૨૦ વિહરમાન પ્રભુની સ્વતંત્ર પ્રતિષ્ઠા હોય તો તે પ્રતિષ્ઠા આ ત્રણમાંથી કઈ પ્રતિષ્ઠામાં સમાવેશ પામશે? – **મુનિ શ્રીહેમહર્ષવિજયજી, મુનિ શ્રીહેમનિલયવિજયજી** (શ્રીનીતિસૂરિજી-સમુદાય)

**?** વર્ધમાનતપ-આરાધક શ્રીશ્રીચંદ્રકેવલીના ચરિત્રના રચયિતા *શ્રીસિદ્ધર્ષિગણિ* મહારાજ અને *ઉપમિતભવ-પ્રપંચાકથા* ના રચયિતા *શ્રીસિદ્ધર્ષિગણિ* મહારાજ બન્ને એક જ વ્યક્તિ છે કે અલગ? – **મુનિ શ્રીસમ્યગ્ચંદ્રસાગરજી** (શ્રીસાગરજી મહારાજનો સમુદાય)

**?** અષ્ટાપદ પર્વત પર સર્વે પરમાત્મા કાઉસગ્ગધ્યાનની અવસ્થામાં છે કે અલગ અવસ્થામાં ? જો કાયા પ્રમાણે ગણીએ તો કાઉસગ્ગધ્યાનની અવસ્થામાં હોય એવું વધારે સંગત લાગે. – **મુનિ શ્રીયશઃપ્રભવિજયજી** (શ્રીનીતિસૂરિ-સમુદાય)

<u>*આવશ્યકસૂત્ર* સંદર્ભે થોડીક જિજ્ઞાસાઓ</u>

**?** ધારણાના ત્રણ ભેદોમાંથી સંસ્કારનો સમય સંખ્યાત વર્ષના આયુષ્યવાળાનો સંખ્યાત વર્ષ અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળાનો અસંખ્યાત વર્ષ બતાવ્યો છે. તો જાતિસ્મરણ જ્ઞાન આ સંસ્કારના આધારે જ થાય કે બીજી કોઈ પ્રક્રિયા છે ? કેમ કે જો આ જ સંસ્કારના આધારે જાતિસ્મરણ જ્ઞાન થતું હોય તો વચ્ચે અસંખ્યાત વર્ષના દેવાયુષ્ય પછી, સંખ્યાત વર્ષના આયુષ્યકાલીન સંસ્કારોનું, ત્રીજા ભવે જાતિસ્મરણ ના થઈ શકે.

**?** ભ્રમ એ જ્ઞાન છે કે અજ્ઞાન ? કેમ કે સમ્યગ્દૃષ્ટિ જીવને ભ્રમ થાય તે શું ગણાશે ?

**?** ભાષાવર્ગણાનાં પુદ્‌ગલો માટે એવી વાત આવે છે કે શબ્દ ભાવુક છે તેથી તે બીજા પુદ્‌ગલોને વાસિત કરે છે. અન્ય રૂપાદિ તેવા નથી. તો ગંધનાં પુદ્‌ગલો એકબીજાને વાસિત કરીને ઊર્ધ્વમાં ૫૦૦ યોજન સુધી ફેલાય છે તે વાત કેવી રીતે ઘટે ?

**?** મનનો પણ અર્થાવગ્રહથી લઈને ધારણા સુધીના જ્ઞાનનો ક્રમ છે. તો મોટા ભાગે સ્વપ્નો યાદ કેમ નથી રહેતા ?

**?** આપણે ત્યાં ક્યાંય ઇલેક્ટ્રોનિક વેવ્ઝ અંગે શાસ્ત્રીય માર્ગદર્શન મળે ?

**?** *આવશ્યકસૂત્ર* શબ્દપુદ્‌ગલો ૩,૪ અથવા ૫ સમયમાં સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત થાય છે તેવી વાત આવે છે. તેમાં ૫ સમયની વ્યાપ્તિમાં પહેલા સમયે પુદ્‌ગલો વિદિશામાંથી દિશામાં આવે છે, તે કઈ રીતે ઘટાવવું ?

**?** ત્રસનાડીની બહાર રહીને ભાષક બોલી શકે ? કેમ કે તેના આધારે ૪-૫ સમયની વ્યાપ્તિ ઘટાવી છે.

- **મુનિ શ્રીનયજ્ઞવિજયજી, મુનિ શ્રીગોયમચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

**?** *પ્રજ્ઞાપનાસૂત્ર* ના ૧૮ મા કાયસ્થિતિપદના સૂત્ર – ૨૩૫ માં અને તેની *શ્રીમલયગિરિસૂરિજી* મહારાજ રચિત વૃત્તિમાં નિગોદની સ્વકાયસ્થિતિ અઢી પુદ્ગલપરાવર્તની કહી છે –

निगोए णं भंते! निगोएत्ति केवच्चिरं होति ? गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं उक्कोसेणं अणंताओ उस्सप्पिणि-ओसप्पिणीओ कालओ खेत्ततो अड्ढाइज्जा पोग्गलपरियट्टा ।।

આ પાઠ પર *શ્રીમલયગિરિસૂરિજી* મહારાજે કોઈ વિશેષ વિવરણ નથી કર્યું તેથી તેમને આ વાત સંમત જ હશે એમ સમજી શકાય. *શ્રીચંદ્રમહત્તરાચાર્ય* રચિત *પંચસંગ્રહ* – ગાથા – ૫૧ અને તેની *શ્રીમલયગિરિસૂરિજી* મહારાજે રચેલી વૃત્તિમાં પણ નિગોદની સ્વકાયસ્થિતિ અઢી પુદ્ગલપરાવર્તની કહેલ છે.

પણ *શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણ* વિરચિત *બૃહત્સંગ્રહણી* ની ગાથા ૩૩૫ ની *શ્રીમલયગિરિસૂરિજી* મહારાજે જ રચેલી વૃત્તિમાં વ્યવહારરાશિ અને અવ્યવહારરાશિના વર્ણનમાં અઢી પુદ્ગલપરાવર્ત કાળને બદલે એક આવલિકાના અસંખ્યાતમા ભાગના સમયો જેટલા અસંખ્ય પુદ્ગલપરાવર્ત કાલ કહેલ છે –

तत्र ये सांव्यवहारिकास्ते निगोदेभ्य उद्वृत्य शेषजीवराशिमध्ये समुत्पद्यन्ते । तेभ्योऽप्युद्वृत्ताः केचिद् भूयोऽपि निगोदेषु मध्ये समागच्छन्ति, तत्राऽप्युत्कर्षत आवलिकाया असङ्ख्येयभागगतप्रमाणान् पुद्गलपरावर्तान् स्थित्वा भूयोऽपि शेषजीवेषु मध्ये समागच्छन्ति ।।

તો આ પાઠમાં શુદ્ધિ કરીને અઢી પુદ્ગલપરાવર્ત કાળ કરી શકાય ?

**- મુનિ શ્રીસુવ્રતચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

## સમાધાન

**?** શબ્દ બોલવાથી કે અન્ય કોઈ યોગ દ્વારા સૂક્ષ્મજીવોની વિરાધના થાય ખરી? કેમ કે *મહોપાધ્યાયજી* રચિત *ધર્મપરીક્ષા* ગ્રંથમાં આમ જણાવાયું છે - "इदमनन्तरोक्तं सर्वलोकपूरणात्मकमारम्भं सदोषं – सूक्ष्मजीवविराधनया सावद्यम् ।।" (*દિવ્યદર્શન ટ્રસ્ટ* તરફથી પ્રકાશિત પુસ્તકમાં પૃષ્ઠ ૧૪૮) **(श्रुतसंविभाग – ५)**

**@** – સૂક્ષ્મજીવોની વિરાધના ન થાય, કારણ કે *જીવવિચાર* પ્રકરણની ગાથા – ૧૪ ની વૃત્તિમાં પાઠ છે –

अत्राऽऽह शिष्यः – प्रभो! सर्वत्राऽञ्जनभृतसमुद्गकवद् विश्वं व्याप्य स्थितास्ते सूक्ष्मजीवास्तर्हि मनुष्यादीनां धावन-वल्गन-शयना-ऽऽसनादिभिरुपघातो भविष्यति । गुरुराह – न तेषां मनुष्यादिभिरुपघातः स्यादतिसूक्ष्मत्वात्, तीक्ष्णखड्गधारया छिद्यमानेऽपि वज्रघातेनाऽप्युपघातो न स्यात्, एवं वह्न्यादिभ्योऽपि नोपघातः । अतो ये व्यापारैर्न विनश्यन्ति ते सूक्ष्माः ।

આ અને આવા બીજા પણ પાઠો અનેક ઠેકાણે પ્રાપ્ત થાય છે જેનાથી સિદ્ધ થાય છે કે સૂક્ષ્મજીવોની વિરાધના ન થાય. इदमनन्तरोक्तं... એ જે *ધર્મપરીક્ષા* નો પાઠ છે તે મૂળ *બૃહત્કલ્પભાષ્ય* અંતર્ગત પૂર્વપક્ષનો પાઠ છે (ગાથા-૩૯૨૪). પૂર્વપક્ષની શરૂઆત થાય છે ગાથા-૩૯૨૧ થી. ત્યાં પૂર્વપક્ષી પોતાનો પ્રશ્ન જે રીતે રજૂ કરે છે તેનાથી પણ સ્પષ્ટ થાય છે કે અહીં કયા સૂક્ષ્મજીવોની વાત છે.

ત્યાં પ્રશ્ન આ રીતે છે – अत्र केचिद् नोदकाः प्रेरयन्ति – वस्त्रे छिद्यमाने यानि पक्ष्माण्युड्डीयन्ते तैर्लोकान्तं यावद् गच्छद्भिर्बहूनां प्राणादीनां- <u>त्रसप्राणिप्रभृतीनां सूक्ष्मजन्तूनां</u> विराधना भवति... <u>અર્થાત્</u> ત્રસપ્રાણી અંતર્ગત જે ચર્મચક્ષુથી સામાન્યતયા અગ્રાહ્ય જીવો છે તે અહીં સૂક્ષ્મજીવો તરીકે વિવક્ષિત છે. પણ સૂક્ષ્મનામકર્મના ઉદયવાળા જીવોની વિરાધનાનો અત્રે કોઈ સંદર્ભ નથી.

*બૃહત્કલ્પભાષ્ય* ની ગાથા ક્ર. ૩૯૨૭ થી ઉત્તરપક્ષમાં આ પ્રશ્નનું સમાધાન ખૂબ સરસ રીતે અપાયું છે. *ધર્મપરીક્ષા* ની પૂર્વાપર ચર્ચા જોવાથી પણ આ વાતનું સમાધાન થાય તેમ છે.

આ આખી વાતનો સાર એ જ છે કે કોઈપણ વાતને સમજવા માટે આગળપાછળની સમગ્ર ચર્ચા જોવી જરૂરી હોય છે. તે વગર તો ગલત નિર્ણય થઈ જવાની પણ સંભાવના રહે.

**- મુનિ શ્રીશીલચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

# વિશેષ પ્રતિસ્પંદ

**શ્રુતસંવિભાગ** - ૬ अधिगतः । विहङ्गावलोकनेन आन्तमवलोकितः । सर्वेऽपि महात्मानो विद्वांसो नवनवश्रुतार्जने च बद्धादरा दृश्यन्ते । नूतना मुनयोऽपि प्रतिभावन्तो नैके सन्तीति स्फुटं प्रतीयते । एतदर्थं श्रुतसंविभागोऽयं निमित्ततां गच्छतीति सन्तोषप्रदमिदम् । **- પૂ. આ. શ્રીમુક્તિચંદ્ર-મુનિચંદ્રસૂરિજી મહારાજ** (શ્રીકલાપૂર્ણસૂરિ-સમુદાય)

સમયના પ્રવાહની સાથે સાથે **શ્રુતસંવિભાગ** રૂપી વૃક્ષ વધુ ને વધુ સુંદર અને વિશિષ્ટ બની રહ્યું છે તેનો આનંદ છે. – **મુનિ શ્રીરાજસુંદરવિજયજી** (શ્રીરાજેંદ્રસૂરિ-સમુદાય)

**શ્રુતસંવિભાગ** નિયમિત મળતું રહે છે. આપશ્રી દ્વારા થયેલો એક નાનકડો પ્રયત્ન અન્ય મુનિભગવંતો માટે મહાન શ્રુતલાભ માટે સાબિત થયો છે. સંમેલન પહેલાં અને સંમેલનમાં પણ સંયમી, તત્ત્વપ્રેમી અને નિપુણ મુનિવરો વચ્ચે કોઈક સંવાદનો સેતુ બંધાય એવી સહુની ઈચ્છા હતી. સંમેલનમાં બંધાયેલી આત્મીયતાએ એને સાકાર સ્વરૂપ આપ્યું. આમાં સંકલનની સૂઝ અને સંગઠનનો સંકલ્પ મહત્ત્વની ભૂમિકા અદા કરી રહ્યો છે.

**– મુનિ શ્રીવિરાગચંદ્રસાગરજી, મુનિ શ્રીતારકચંદ્રસાગરજી** (શ્રીસાગરજી મહારાજનો સમુદાય)

* * *

# થોડુંક સૂચવવાની રજા લઉં ?

→ **શ્રુતસંવિભાગ** નો હવે પછીનો અંક સં. ૨૦૭૪ ના જ્ઞાનપંચમીના દિવસે પ્રગટ થશે. લેખ મોકલવાની અંતિમ અવધિ – આસો શુદિ પૂનમ, સં. ૨૦૭૩. ચાતુર્માસિક સ્થિરતામાં અધ્યયન સ્વાભાવિકપણે સવિશેષ જ થવાનું. મિત્ર મુનિવરોને પોતાના બહુમૂલ્ય સ્વાધ્યાયનો લાભ **શ્રુતસંવિભાગ** ના માધ્યમથી વહેંચવા હાર્દિક આમંત્રણ છે.

→ **શ્રુતસંવિભાગ** ની વ્યવસ્થાના ભાગરૂપે નક્કી થયા મુજબ સંકલનકાર મુનિવરે ગ્રુપ દીઠ એક મુનિપ્રવરને આ પરિપત્રનો અંક પહોંચાડવાનો હોય છે. એ પછી આ પરિપત્રમાં રસ ધરાવતા તે ગ્રુપના તમામ મુનિવરોને (સ્થિરતા તેમ જ વિહાર બન્નેમાં) આ અંકની પ્રતિકૃતિ વહેંચવાની જવાબદારી તે તે મુનિવરોની બને છે. આ નાનકડી જવાબદારી જેમણે સહર્ષ સ્વીકારી તેવા જ મુનિપ્રવરોને આ પરિપત્રના પોસ્ટલિસ્ટમાં સમાવવામાં આવ્યા છે. પણ અમુક ગ્રુપોમાંથી જાણવા મળ્યા મુજબ, ઘણા મુનિવરોને આ પરિપત્રમાં રસ હોવા છતાં તેમને આ પરિપત્ર વાંચવા પણ નથી અપાતો. પ્રશ્ન એ થાય કે આવી નાનકડી જવાબદારી નિભાવવામાં પણ જો આપણે બેદરકારી દાખવીએ તો કેમ ચાલે ? અલબત્ત, જ્યાંથી પણ આવાં ખબર મળ્યાં છે ત્યાં બધે જ આ અંકની ૧ કરતાં વધુ નકલો તે તે મુનિવરોનાં નામે પહોંચાડવાનો પ્રયત્ન કરવામાં આવે જ છે. પણ અમને સમાચાર ન હોય તેવાં પણ બીજાં સ્થાનો હશે જ. વિનંતિ એટલી જ કરવાની કે **શ્રુતસંવિભાગ** ની સમુદાયમર્યાદાને આધીન રહીને, આ પરિપત્ર રસ ધરાવતા વધુ ને વધુ મુનિવરોને પહોંચે તેવો પ્રયત્ન આપણા સહુનો હોવો જોઈએ. તેમ છતાં પણ જો એમ જ લાગતું હોય કે અમને આ જવાબદારી ફાવે તેમ નથી તો નિઃસંકોચ જણાવશો. તમારા ગ્રુપના અન્ય મુનિવરોને આ પરિપત્ર અલગથી મોકલવામાં આવશે. જે મુનિવરોને આમાં રસ હોય તે જો સંપર્કસૂત્ર પર લેખિતમાં જણાવશે તો તેમને અલગથી પરિપત્ર પહેંચાડવાનો પ્રયત્ન પણ અવશ્ય કરવામાં આવશે.

→ **શ્રુતસંવિભાગ** ની પહોંચ મોકલવાનું અમુક મિત્રોને અનુકૂળ ન લાગતું હોય એમ જણાય છે. દર વખતે અભિપ્રાય કે લેખ ન મોકલી શકાય તે તો સમજાય તેવી વાત છે. પણ ૩-૪ અંકો મળવા છતાં, 'મળ્યું છે' એટલી પહોંચ લખવાનું પણ ન ફાવે તે તો કેમ મનાય ? અને પહોંચ વગર તો તમને આ પરિપત્ર મળે છે કે નહીં તે પણ કેમ ખબર પડે ? મિત્રો હવેથી આટલું ઔચિત્ય અચૂક સાચવશે તેવી નમ્ર અપેક્ષા છે.

---

* **શ્રુતસંવિભાગ** માં પ્રગટ થતી સામગ્રી વિચારણાત્મક સમજવી, નિર્ણયરૂપ નહીં. ચિંતન દ્વારા આ વિચારણાને આગળ વધારવા વિનંતિ.

* સંકલન : **મુનિ ત્રૈલોક્યમંડનવિજય** (શ્રીનેમિસૂરિજી-સમુદાય) સંપર્ક : c\o અતુલ એચ. કાપડિયા, A\9 જાગૃતિ ફ્લેટ્સ, મહાવીર ટાવર પાછળ, પાલડી, અમદાવાદ 380 007 મો. 99798 52135